RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 261* Date: 18.07.2020 * Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### એલએસી પર તણાવ વચ્ચે લેહ મુલાકાતે પહોંચેલા રક્ષામંત્રી રાજનાથ સિંહનો હૂંકાર

# દુનિયાની કોઇ તાકાત ભારતની એક ઇંચ જમીન છીનવી શકે તેમ નથી

### રાજનાથ સિહની સમક્ષ પેરા કમાન્ડોએ પેન્ગોન્ગ લેકની પાસે યુદ્ધ અભ્યાસ કરી પોતાની તાકાત દર્શાવી, આજે શ્રીનગરની મુલાકાત લેશે





*લેહ,તા.૧૭*

રક્ષામંત્રી રાજનાથ સિંહ પોતાની બે દિવસની મુલાકાત પર લેહ પહોંચ્યા હતા. રાજનાથ સિંહે લેહના સ્તાકનમાં ભારતીય સેનાના એક ખાસ કાર્યક્રમમાં ભાગ લીધો. સ્તાકનામાં ભારતીય સેનાના ખાસ કાર્યક્રમમાં જવાનોએ પેરા ડ્રોપિંગ અને અન્ય કરતબોથી શક્તિનું ખાસ પ્રદર્શન કર્યું. આ દરમ્યાન સેનાના અધિકારીઓની સાથે રક્ષામંત્રી ખુદ એક રાઈફલથી નિશાન લગાવતા દેખાયા.

લાઈન ઓફ એક્ચુઅલ કંટ્રોલની મુલાકાતે પહોંચેલા રક્ષા મંત્રી રાજનાથ સિંહે જવાનોને સંબોધતાં કહ્યું કે ભારતની એક ઈંચ જમીનને કોઈ લઈ શકતું નથી. ભારતીય સેનાની ઉપર આપણને ગર્વ છે. હું જવાનોની વચ્ચે આવીને ગૌરવ મહેસૂસ કરી રહ્યો છું. આપણા જવાનો શહીદ થયા છે. તેનું દુઃખ ૧૩૦ કરોડ ભારતવાસીઓને પણ છે.

લેહની લુકુંગ ચોકી પર પહોંચેલા રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે અત્યાર સુધીમાં જે પણ વાતચીતની પ્રગતિ થઇ છે તેના પરથી મામલાનો ઉકેલ આવવો જોઇએ. કયાં સુધીમાં ઉકેલ આવશે તેની ગેરંટી નથી. પરંતુ એટલો વિશ્વાસ હું ચોક્કસ અપાવા માંગું છું કે ભારતની એક ઇંચ જમીન પણ દુનિયાની કોઇ તાકાત અડી શકે તેમ નથી, તેના પર કોઇ કબ્જો કરી શકે તેમ નથી. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત સશક્ત છે. તેને કોઈ સ્પર્શ પણ કરી શક્શે નહીં.જવાનોને સંબોધિત કરતાં રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ભારત દુનિયાનો એકમાત્ર દેશ છે જે આખા વિશ્વને શાંતિનો સંદેશો આપે છે. આપણે કોઇ પણ દેશ પર કયારેય આક્રમણ કર્યું નથી અને ના તો કોઇ દેશની જમીન પર આપણે કબ્જો કર્યો છે. ભારતે વસુધૈવ કુંટુંમ્બકમનો સંદેશ આપ્યો છે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે કહ્યું કે આપણે અશાંતિ ઈચ્છતા નથી આપણે શાંતિ ઈચ્છીએ છીએ. આપણું ચરિત્ર રહ્યું છે કે આપણે કોઈપણ દેશના સ્વાભિમાનને ઠેસ પહોંચાડવાની કોશિષ કરતા નથી. ભારતના સ્વાભિમાન પર ચોટ પહોંચાડવાની કોશિષ કરી તો આપણે કોઈપણ સૂરતમાં સહન કરીશું નહીં અને જડબાતોડ જવાબ આપીશું.આજે એટલે કે શનિવારે રક્ષામંત્રી શ્રીનગરની મુલાકાત લેશે. આ પહેલાં રાજનાથ સિંહ ૨ જુલાઈએ લદ્દાખની મુલાકાતે જવાના હતા, પરંતુ તે મુલાકાત ટાળી દેવામાં આવી હતી. તેના બીજા દિવસે વડાપ્રધાન મોદી અચાનક લદ્દાખ પહોંચી ગયા હતા. મોદીએ ચીન સાથેની ઝપાઝપીમાં સામેલ જવાનોને પ્રોત્સાહન આપ્યું હતુ અને ચીનને પડકાર આપતા તેની વિસ્તારવાદની નીતિને ટાર્ગેટ કરી હતી.

### દેશમાં કોરોનાના કુલ કેસ વધીને ૧૦.૦૫ લાખ થયા, ૨૫ હજારથી વધુના મોત

# કોરોના અનસ્ટોપેબલ: ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૩૫ હજાર કેસ, ૬૮૦ના મોત



### એક્ટિવ કેસ ૩,૪૨,૪૭૩,મેઘાલય સરકારે ૨૪થી ૩૧ જુલાઇ સુધી રાજ્યની સીમાઓ સીલ કરવાનો નિર્ણય કર્યો

*ન્યુ દિલ્હી,તા.૧૭*

સમગ્ર દેશમાં કોરોના મહામારીનું વિકરાળ સ્વરૂપ સામે આવી રહ્યું હોય તેમ અનલોક-૨ના ૧૬મા દિવસે કેસોએ છલાંગ લગાવીને ૩૫ હજારની ઉપર પહોંચી ગયા હતા. અને કેસોની સંખ્યા ૧૦ લાખને પાર થઇ ગઇ હતી. ગઇકાલે ગુરૂવારે દેશના વિવિધ રાજ્યોમાં નોંધાયેલા કેસોના આંકડા આજે શુક્રવારે સવારે જાહેર કરાયા ત્યારે એક જ દિવસમાં રેકોર્ડ ૩૫ હજાર ૪૬૮ કેસ સામે આવ્યાં હતા. આ પહેલા સૌથી વધુ કેસ ૧૫ જુલાઈએ નોંધાયા હતો જે આંકડો ૩૨ હજાર ૬૦૭નો હતો. છેલ્લા ૨૪ કલાકમાં ૬૮૦ લોકોના મોત થયા હતા. દેશમાં સંક્રમણથી મોતનો આંકડો ૨૫ હજાર ૬૦૯ પર પહોંચી ગયો છે. દેશમાં અત્યારે ૩ લાખ ૪૨ હજાર ૭૯૭ લોકો સારવાર હેઠળ છે. જોકે ગુરૂવારે રેકોર્ડ સમાન એક જ દિવસમાં ૨૨ હજાર ૮૩૪ દર્દી સાજા પણ થયા હતા. એક દિવસમાં સાજા થવાનો આ અત્યારસુધીનો સૌથી મોટો આંકડો છે. આ પહેલા ૧૪ જુલાઈએ સૌથી વધુ ૨૦૯૬૮ દર્દી સાજા થયા હતા. સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધીને ૬ લાખ ૩૬ હજાર ૫૬૯ થઇ ગઇ છે. જ્યારે, મહારાષ્ટ્રમાં દર્દીની સંખ્યા હવે ૩ લાખ તરફ આગળ વધી રહી છે. જો નવા દર્દી વધવાનું નહીં અટકે તો સમગ્ર દેશમાં ઓગસ્ટમાં પ્રથમ સપ્તાહ સુધીમાં ૨૦ લાખ દર્દી થઈ શકે

સૂત્રોએ કહ્યું કે, અનલોક-૧ કરતાં અનલોક-૨માં કેસોમાં તીવ્ર ગતિએ વધારો જોવા મળ્યો છે. જેના કારણોમાં અનલોક-૨માં વધારે છૂટછાટ આપવામાં આવી છે. જે કે હજુ શાળા-કોલેજો, જીમ, સિનેમા વગેરે.ને મંજીરી મળી નથી. જો મોટી સંખ્યામાં લોકો એક સ્થળે નજીક નજીક બેસતાં હોય તેવી પ્રવૃતિઓને મંજૂરી મળે તો સંક્રમણ ફેલાવાની શક્યતા રહેલી હોવાનું નિષ્ણાતો માની રહ્યાં છે. બીજી તરફ બિહાર સહિત કેટલાક શહેરોમાં આંશિક અને પૂર્ણ લોકડાઉન અમલમાં આવી ગયો છે.

કોરોનાના વધી રહેલા કેસન ધ્યાનમાં રાખીને મેઘાલય સરકારે ૨૪થી ૩૧ જુલાઇ સુધી રાજ્યની સીમાઓ સીલ કરવાનો નિર્ણય કર્યો છે. આ દરમિયાન રાજ્યમાંથી કોઇ બહાર નહીં જઇ શકે અને બહારથી કોઇ રાજ્યમાં પ્રવેશ નહીં કરી શકે. માત્ર ઈમરજન્સી વાહનોની અવરજવર ચાલુ રહેશે.

દેશમાં કોરોનાના દર્દી ૧૦ લાખને પાર થઈ ગયા છે. દર્દી વધવાની ઝડપ સતત વધી રહી છે. સરકારી આંકડા મુજબ દર્દી બમણા થવાનો સમયગાળો ૨૧ દિવસ છે. એટલે કે જો નવા દર્દી વધવાનું અટકશે નહીં તો ઓગસ્ટમાં પ્રથમ સપ્તાહ સુધીમાં ૨૦ લાખ દર્દી થઈ શકે છે. બીજીબાજુ દેશમાં રિકવરી રેટ પણ વધ્યો છે. જે અત્યારે લગભગ ૬૩ ટકા છે. મૃત્યુદર ૨.૬ ટકા છે. પરંતુ ચિંતાની વાત એ છે કે મોતની સંખ્યા બમણી થવાની અવધિ ૨૩ દિવસ થઈ ગઈ છે. જે ગયા મહિને ૩૨ દિવસની હતી. એટલે કે ઓગસ્ટના બીજા સપ્તાહ સુધીમાં મોતની સંખ્યા ૫૦ હજાર થઈ શકે છે.

૨૫ માર્ચે જ્યારે લૉકડાઉન લગાવાયું ત્યારે દેશમાં માત્ર ૫૬૮ દર્દી હતા. ત્યારપછી ૩૧ મે સુધી લૉકડાઉનના ૬૮ દિવસમાં ૧.૯૦ લાખ દર્દી મળ્યા હતા. એટલે કે રોજના સરેરાશ ૨૭૯૪ દર્દી. ત્યારપછી ૧ જૂનથી અનલૉકનો પ્રથમ તબક્કો શરૂ થયો. ત્યારથી ૧૬ જુલાઈ સુધી ૪૬ દિવસમાં ૮.૧૦ લાખ દર્દી મળ્યા છે. એટલે કે રોજના સરેરાશ ૧૭૬૦૮ દર્દી. પરંતુ ચિંતા એ વાતની છે કે એક સપ્તાહથી આ સરેરાશ ૨૫૦૦૦થી ઊપર જતી રહી છે. હવે રોજની સરેરાશ ૩૦ હજાર થઈ ગઈ છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૯૪૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૪૬૫૧૬**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૭**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૭૭૦**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૩૨૯૪૪**

### સેનાએ વર્ષ ૨૦૨૦માં લગભગ ૧૦૦ આતંકીઓને ઠાર કર્યા

# જમ્મુ-કાશ્મીરના કુલગામમાં અથડામણ: ત્રણ આતંકી ઠાર, ત્રણ જવાન ઘાયલ

*કુલગામ,તા.૧૭*

જમ્મુ-કાશ્મીરના કુલગામમાં થયેલી અથડામણમાં સેનાએ ૩ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દીધા છે. જ્યારે ત્રણ જવાનો ઘાયલ થયા છે. સુરક્ષા બળોએ પહેલા આતંકવાદીઓને કોર્ડન કર્યા અને પછી તેમને ઠાર માર્યા હતા.

ભારતીય સુરક્ષા જવાનોને આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા હોવાની બાતમી મળી હતી. જમ્મુ-કાશ્મીર પોલીસની ટીમ, સેના અને સીઆરપીએફના જવાનોએ સંયુક્ત રીતે સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ દરમિયાન આતંકવાદીઓએ સેનાના જવાનો પર ફાયરિંગ શરૂ કર્યું હતું. જેના જવાબમાં ભારતીય સેનાએ ત્રણેય આતંકવાદીઓને ઠાર માર્યા છે.



ડીજીપી દિલબાગ સિંહે કહ્યું કે અથડામણમાં સેનના ત્રણ જવાન પણ ઘાયલ થયા છે, અને તેમની હોસ્પિટલમાં સારવાર ચાલી રહીં છે. ઠાર મારવામાં આવેલા આંતકવાદીઓ જૈશ-એ-મોહમ્મદના હતા જેમાં એક ટોચનો કમાન્ડર પણ હતો જે આઈઈઈડી એકસ્પર્ટ હતો અને પાકિસ્તાનમાં બેઠા પોતાના આકા પાસેથી સીધો આદેશ લેતો હતો. અને છેલ્લા બે મહિનામાં ચાર વખત અથડામણ દરમિયાન જવાનોને થાપ આપી ભાગી નીકળવમાં સફળ રહ્યો હતો.

આ પહેલા ઉત્તર કાશ્મીરના છેવાડાના જિલ્લા કુપવાડાના કેરન સેક્ટરમાં ગુરૂવાર રાતે ઘૂસણખોરીને નિષ્ફળ કરતા એક આંતકવાદીને ઠાર માર્યો હતો. આંતકવાદી પાસેથી એકે ૪૭ મળી આવી હતી.

### કોંગ્રેસે પાયલોટ સમર્થક બે ધારાસભ્યોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કર્યા

# રાજસ્થાનમાં સરકાર પાડવા કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે કાવતરુ ઘડ્યુ: કોંગ્રેસ

*જયપુર,તા.૧૭*

રાજસ્થાનમાં ચાલી રહેલી રાજકીય દંગલ વચ્ચે રાજયના મુખ્યમંત્રી અશોક ગહેલોતના સમર્થકો તરફથી ઓડિયો ક્લિપ જારી કરી કેન્દ્રીય મંત્રી પર આરોપ લગાવ્યો કે રાજયમાં સરકાર પાડી દેવા માટે કાવતરુ ઘડી રહ્યાં છે. એવમાં તેમની સામે તાત્કાલિક એફઆઈઆર નોંધી ઘરપકડ કરવી જોઈએ. આ અંગે એસઓજીમાં ફરિયાદ નોંધાવામાં આવી છે. આ સાથે જ કોંગ્રેસ પાર્ટીએ પાયલોટ સમર્થક બે ધારાસભ્યોને સસ્પેન્ડ કરી નાખ્યાં છે.

કોંગ્રેસ નેતા રણદીપ સુરજેવાલાએ પ્રેસ કોન્ફરન્સ કરી આરોપ લગાવ્યો છે કે વાયરલ ઓડિયોમાં ગજેન્દ્ર સિંહ શેખાવત રાજસ્થાનની સરકાર પાડી દેવા માટે કાવતરુ ઘડી રહ્યાં છે. ગજેન્દ્ર સિંહ શેખાવત હાલ સંજય જેન થકી કોંગ્રેસ ધારાસભ્ય ભંવર લાલ શર્માના સંપર્કમાં હતા. હમણા સુધી સંજય જૈન જયપુર ભાજપના જિલ્લા અધ્યક્ષ હતા. જોકે, હજુ સુધી તે વાતની ખરાઇ શકી નથી કે ઓડિયો ક્લિપમાં રહેલા સંજય જૈન ભાજપના જિલ્લા અધ્યક્ષ છે કે પછી બીજા કોઇ.

સુરજેવાલએ સંજય જૈન અને ભંવર શર્માની ઓડિયો ક્લિપ સંભળાવી કહ્યું કે ભાજપ સત્તા લૂંટવાની ફિરાકમાં છે. ભાજપ લોકતંત્રનું ચીર હરણ કરવા માગે છે. મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં ભાજપે કાવતરું ઘડ્યું. પરંતુ આ વખતે ખોટું રાજ્ય પસંદ કર્યું છે.

હાલ કોંગ્રેસ પાયલોટ સમર્થક બે ધારાસભ્ય ભંવરલાલ શર્મા અને વિશ્વેન્દ્ર સિંહને પાર્ટીની પ્રાથમિક સભ્યતામાંથી સસ્પેન્ડ કરી નાખ્યાં છે.

ઉલ્લેખનીય છે કે ગુરૂવારના રોજ ઓડિયો ક્લિપ સામે આવી હતી જેમાં ભંવર શર્મા અને સંજય જૈન વચ્ચેની વાતચીત સામે આવી છે. તેમાં ભંવર શર્મા મોટી રકમની વાત કરી રહ્યાં છે. જેના જવાબમાં સંજય જૈન કહે છે કે સાહેબને જણાવી દેવામાં આવ્યું છે.

### કોઇ પણ જાતના સંઘર્ષની સ્થિતિમાં અમેરિકા ભારતનો સાથ આપશે

# ભારત અને ચીનના લોકોને પ્રેમ કરૂં છું, શાંતિ માટે કંઈ પણ કરીશ: ટ્રમ્પ

### અમેરિકાએ હોંગકોંગનો વિશેષ દરજ્જો પાછો ખેંચ્યો તે મામલે વિરોધ નોંધાવવા ચીને અમેરિકી રાજદૂતનો સંપર્ક સાધ્યો

(જી.એન.એસ.)વોશિંગ્ટન,તા.૧૭

ચીન સાથેના તણાવપૂર્ણ સંબંધો વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતે ભારત અને ચીનના લોકોને ખૂબ જ પ્રેમ કરે છે તેવું જાહેર કર્યું હતું. વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેલી મૈકેનનીએ જણાવ્યું કે, ટ્રમ્પ ભારત અને ચીન વચ્ચે શાંતિ સ્થાપવા તમામ સંભવિત પ્રયત્નો કરવા તૈયાર છે. ટ્રમ્પે જણાવ્યું છે કે, 'બંને દેશના લોકોની ભલાઈ માટે શાંતિ જરૂરી છે અને તેને પુનઃસ્થાપિત કરવા માટે હું કંઈ પણ કરવા માટે તૈયાર છું.

પૂર્વીય લદ્દાખની ગાલવાન ઘાટીમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે હિંસક અથડામણ થઈ ત્યાર બાદ ટ્રમ્પ પ્રશાસને ખુલીને ભારતનું સમર્થન કર્યું હતું. અમેરિકી સંરક્ષણ મંત્રીએ સ્પષ્ટ કહ્યું હતું કે, કોઈ પણ જાતના સંઘર્ષની સ્થિતિમાં અમેરિકી સેના ભારતનો સાથ આપશે. મૈકેનનીના કહેવા પ્રમાણે ટ્રમ્પે જણાવ્યું કે, 'હું ભારતના લોકોને પ્રેમ કરૂં છું અને હું ચીનના લોકોને પણ પ્રેમ કરૂં છું. માટે એ બધા જ પ્રયત્નો કરવા તૈયાર છું જેના વડે બંને દેશ વચ્ચે શાંતિ સ્થપાઈ શકે.'

વ્હાઈટ હાઉસના સલાહકાર લૈરી કુડલોએ ગુરૂવારે જ ભારતને અમેરિકાનું સૌથી વિશ્વસનીય સહયોગી ગણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદી અને ટ્રમ્પ સારા મિત્રો છે જેનો બંને દેશના સંબંધોમાં ઘણો લાભ થઈ રહ્યો છે.

અમેરિકી વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ પણ ભારતને ખૂબ સારો સહયોગી દેશ ગણાવ્યો હતો અને ચીનની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભારત અમેરિકાનું મોટું ભાગીદાર છે અને તેના વગર વિશ્વમાં શાંતિની કલ્પના જ અશક્ય છે. સરહદ પર ચીન સાથેની અથડામણ સહિત અનેક મુદ્દે તેઓ ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે વાત કરે છે.

પોમ્પિયોએ કહ્યું હતું કે, 'ભારત એક મોટું જોડીદાર છે. તે અમારૂં મહત્વપૂર્ણ સહયોગી છે. મારા સમકક્ષ વિદેશ મંત્રી સાથે મારે સારા સંબંધો છે. અમે ઘણી વખત વિભિન્ન મુદ્દે વાતચીત કરીએ છીએ. અમારે ચીન સાથે જોડાયેલી સરહદે અથડામણ સંબંધી ચર્ચા પણ થયેલી છે. ચીની દૂરસંચાર માળખાના કારણે ત્યાં જે જોખમ સર્જાઈ શકે તેની વાતચીત પણ થઈ હતી.'

## તંત્રી સ્થાનેથી...

### ચીન સેવક પાકિસ્તાને પચાવી પાડેલ કામધેનુ સમાન પોક વિસ્તારનો કબજો ભારત ક્યારે લેશે.....?

પાકિસ્તાને પચાવી પાડેલ ભારતના કામધેનુ સમાન પોક વિસ્તારમાં નાપાક પાકિસ્તાને ચીનને ડેમ બાંધવામા મંજૂરી આપી છે.. જે ભારત માટે દગાખોર ચીનનો પાકિસ્તાન દ્વારા ભારતમાં સ્વર્ગ સમાન સમૃધ્ધ પોક વિસ્તારને કબજે કરવાની એક ચાલ છે. પાકિસ્તાને પોતાની જમીન કે પ્રાંત ગુમાવવાનો નથી....ભારતનો આ પોક

વિસ્તાર છે જે પાકિસ્તાને ૧૯૪૭ થી પચાવી પાડેલ છે. ચીનને અહીં ઘુસાડવાનું કારણ ભારત સરકારે જમ્મુ-કાશ્મીરમાંથી એક જ ઝાટકે કલમ ૩૭૦ અને ૩૫ એ હટાવીને ત્યાંની સરકાર બરખાસ્ત કરવા સાથે કાશ્મિર અને લડાખ બે રાજ્યો બનાવી દીધા જેના કારણે પાકિસ્તાનને ડર ઘુસી ગયો કે હવે પાકિસ્તાન માટે કામધેનુ સમાન પોક વિસ્તાર પર ભારત કબજો કરી લેશે.... અને અહીંથી ૫ દેશો સાથે તમામ પ્રકારના સંબંધો અને વ્યવહાર શરૂ કરી દઈ શકે છે...... આવા ડરથી જ પાકિસ્તાને ચીનને પોક વિસ્તારમાં પ્રવેશ કરવા દીધો હોય શકે છે.....! ચીન પાકિસ્તાન દ્વારા અહીંના વિસ્તાર પર કબજો કરવાની ચાલી ચાલી રહ્યું છે.... લ અહીં ચીન દ્વારા ડેમ બાંધવા સામે પોક વિસ્તારની પ્રજામાં ભારે વિરોધ થઈ રહ્યો છે.લોકો પાકિસ્તાન સરકાર અને ચીન સામે વિરોધ કરવા રસ્તા ઉપર ઉતરી આવ્યા છે..... ચીનનો પ્રયાસ કોરોના મહામારીના સમયમા વિશ્વના દેશો ભારતને સહાય કરી શકે તેમ નથી તેવી ધારણાને લઈને ભારતનો પાક. કબજા હેઠળનો પોક પ્રદેશ પચાવી પાડવા સાથે ભારતનો વિકાસ રૂધવાનો ઈરાદો છે.... પરંતુ પાકિસ્તાન સરકાર સ્થાનિક ચૂંટણી યોજવા સામે જે વિરોધ થયો છે તેનાથી તેનુ અકળામણ વધી છે......! પરંતુ આખરે તો ચીન પાસેથી ફંડ લઈને પાક. ગુલામ કે સેવક બની ગયું છે..... એટલે ભારત સાથેની દુશ્મની વધારી રહ્યું છે. તેને આતંકી હુમલા પણ કાશ્મીરમાં વધારી દીધા છે અને હવે તો ચીને પણ પાક.આતંકવાદીઓને પ્રોત્સાહન આપવાનું શરૂ કરી દીધું છે....! એટલે કાશ્મીરમાં આતંકી હુમલા વધશે પરંતુ ભારતના જાંબાજ જવાનોની નજરને કારણે તેઓ ફાવશે નહીં પરંતુ ભારતીય લશ્કરને કાશ્મિરના ગૉચવાયેલુ જરૂર રાખશે..... ત્યારે સરકારે હવે બહુમુખી કુટ નીતિ અપનાવવી જ પડે..... અને પોક વિસ્તારને ભારત સાથે જોડવો જ રહ્યો.....!! ભારતમાં તકલીફ એ રહી છે તે ભારત સ્વતંત્ર થયા પછી જમ્મુ-કાશ્મીરનો જ એક રાજ્ય તરીકે ઉલ્લેખ થતો રહ્યો છે પરંતુ ×પોક× વિસ્તાર બાબતે એક પણ સરકારે ઉલ્લેખ કર્યો નથી.....! તો અભ્યાસક્રમમાં માત્ર જમ્મુ કાશ્મિરના જ પાઠ ભણાવ્યા છે પરંતુ પોક વિશે એક શબ્દ નો પણ ઉલ્લેખ કર્યો નથી....!! કે એક સત્ય હકીકત છે. ભારતનો પાક. કબજામા રહેલ પોક વિસ્તાર ૭૯૦૦૦ કિલો મીટરનુ ક્ષેત્રફળ ધરાવે છે... જેને ગિલગિટ- બાલ્ટિસ્તાન તરીકે ઓળખ છે. આ વિસ્તાર ૭ જિલ્લામાં વહેંચાયેલો છે. આ સમગ્ર વિસ્તારમાં એક એકથી ચડિયાતી ૧૦ સુંદર વેલીઓ આવેલી છે. જેમાં સૌથી સુંદર સ્વર્ગ સમાન વેલી એટલે ×હુજા× વેલી છે અહીંના લોકોની ખૂબસૂરતી, ખડતલ શરીર સાથે હાસ્ય સભર મિજાજ પણ અનેરા છે. અહીંના લોકોનું સરેરાશ આયુષ્ય ૧૨૦ વર્ષનું છે.

અહીના લોકો મોટા ભાગે હંમેશા આયુર્વેદિક કુદરતી ખોરાકનો વધુ ઉપયોગ કરે છે. વિશ્વના મોટાભાગના દેશોના પ્રવાસીઓ અહીંની મુલાકાતે અહીના કુદરતી સૌંદર્યને માણવા આવતા રહે છે. અને આ પ્રવાસીઓ થકી પાકિસ્તાનને અધધ...ધ.. આવક થાય છે. અહીંયા વિસ્તારો ઉપર વિદેશોના અનેક લેખકોએ પુસ્તકો લખ્યા છે. પરંતુ.... ખાટલે મોટી ખોટ એ રહી છે કે ભારત આઝાદ થયા પછીની ભારતની આજ દિન સુધીની આવેલી એક પણ સરકારે ×પોક'વિસ્તારનો ઉલ્લેખ સુધ્ધા કર્યો નથી....! જે ભારત માટે જરૂરી વિસ્તાર છે. કારણ અહીંયા યુરેનિયમ પુષ્કળ પ્રમાણમાં મળે છે જેનો ઉપયોગ અનેક દેશો કરી રહ્યા છે. તો ભારતને તેની સવિશેષ જરૂર છે. પરંતુ કમનસીબે આ તરફ એક પણ સરકારે નજર નથી નાંખી નથી દોડાવી કે પછી જણાવી....! ત્યારે હવે આપણા જ પાકિસ્તાન કબજા હેઠળના ×પોક× વિસ્તાર ઉપર કબજો થવો ભારત માટે અતિ જરૂરી છે..... અને તે પણ કોઈપણ ભોગે.....!? વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧, વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૧૮/૦૭/૨૦૨૦, શનિવાર, અષાઢ વદ-૧૩
સૂર્યોદય-૬-૧૪, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૦૨,
આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૭-૫૪ થી શુભ-૯-૩૪ સુધી, ૧૨-૫૩ થી ચલ-લાભ-અમૃત-૧૭-૫૨ સુધી, ૧૯-૩૨ થી લાભ-૨૦-૫૨ સુધી, ૨૨-૧૩ થી શુભ-અમૃત-૨૪-૫૩ સુધી

**- શુભ હોરા-**
૭-૨૧થી ૮-૨૭ સુધી, ૧૦-૪૦થી ૧૩-૫૯ સુધી, ૧૫-૦૬થી ૧૬-૧૨ સુધી, ૧૮-૨૫થી ૨૧-૧૯ સુધી



તારીખ ૧૬/૭/૨૦૨૦ ના રોજ આમ આદમી પાર્ટી બનાસકાંઠા દ્વારા યુજીવીસીએલ ઈજનેરને ૧૦૦ યુનિટ વીજબીલ માફી માટે આવેદનપત્ર આપવામાં આવ્યું હતું જેમાં રમેશભાઈ નાભાણી પ્રદેશ સંગઠન મંત્રી, પ્રભારી શ્રી બનાસકાંઠા તેમજ સાબરકાંઠા , તેમજ જિલ્લા આપ પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ દેસાઈ તેમજ ઉપાધ્યક્ષ ડૉ.દેવેન્દ્ર ચૌહાણ તેમજ પાલનપુર શહેર પ્રમુખ જગદીશભાઈ પરમાર ,ડીસા શહેર પ્રમુખ શ્રી સુભાષભાઈ તેમ જ આપ ના કાર્યકરો હાજર રહ્યા હતા

# અમેરિકા,બ્રિટન,કેનેડાએ કોરોના વેક્સિન મુદ્દે રશિયા પર ચોરીનો આરોપ મૂક્યો

)વોશિંગ્ટન/મોસ્કો,તા.૧૭

કોરોના સંકટથી લડી રહેલી સમગ્ર દુનિયા જ્યાં વેક્સીનની રાહ જોઇ રહ્યાં છે. ત્યારે અમેરિકા, બ્રિટન, કેનેડા અને રશિયા વચ્ચે એક અલગ રમત શરૂ થઈ ગઈ છે. અમેરિકા, યુકે અને કેનેડાએ આરોપ લગાવ્યો છે કે, રશિયા તેમની કોરોના વેક્સીન સંશોધન વિશેની માહિતી ચોરી કરે છે.



ત્રણેય દેશોનો દાવો છે કે, સરકાર સમર્થિત રશિયન હેકરો કોરોના વેક્સીનના સંશોધન સાથે સંકળાયેલી તબીબી સંસ્થાઓ અને યુનિવર્સિટીઓ પર સાયબર એટેક કરીને સંશોધન ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. ત્રણેય દેશોએ સંયુક્ત નિવેદનમાં કહ્યું હતું કે APT29 નામના હેકિંગ ગ્રુપે તેમના સંશોધનથી સંબંધિત માહિતી ચોરી કરવા માટે એક ઝુંબેશ શરૂ કરી છે. જોકે, રશિયાએ આ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે.અમેરિકા, બ્રિટન અને કેનેડાએ આક્ષેપ કર્યો છે કે, કોઝી બિયર રશિયાની ગુપ્તચર એજન્સીઓ અને સરકારના ઈશારે કામ કરે છે. બ્રિટનના નેશનલ સાયબર સિક્યુરિટી સેન્ટર (એનસીએસસી)ના ડિરેક્ટર પોલ ચિસેસ્ટરે કહ્યું કે, અમે કોરોના મહામારી સામે લડવા માટે મહત્વપૂર્ણ કાર્યો કરનારાઓ સામે આવા સાયબર હુમલાની નિંદા કરીએ છીએ. સાયબર સુરક્ષા સંશોધનકારોના જણાવ્યા અનુસાર, APT29 હેકિંગ ટૂલનો ઉપયોગ ગત વર્ષે અમેરિકા, જાપાન, ચીન અને આફ્રિકાના ગ્રાહકો સામે પણ કરવામાં આવ્યો હતો.

બ્રિટનના વિદેશ મંત્રી ડોમિનિક રાબએ કહ્યું છે કે, કોરોના મહામારી સામે લડતી સંસ્થાઓ પર રશિયાની ગુપ્તચર એજન્સીઓનો હુમલો દુર્ભાગ્યપૂર્ણ છે અને તેને સ્વીકારવામાં નહીં આવે. ઉલ્લેખનીય છે કે, બ્રિટન અને અમેરિકાએ મે મહિનામાં કહ્યું હતું કે, હેકરોના નેટવર્કથી કોરોના સામે લડવાનો પ્રયાસ કરી રહેલા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનોને નિશાન બનાવવામાં આવ્યા હતા, પરંતુ રશિયા તેમાં સામેલ હોવાનું કહેવાતું નથી. હવે અમેરિકા, બ્રિટન તેમ જ કેનેડા પણ કહે છે કે રશિયા હેકર્સ દ્વારા વેક્સીન પ્રોગ્રામની મહત્વપૂર્ણ માહિતી ચોરી કરે છે.

# દિલ્હી સરકારનો મોટો નિર્ણયઃ પાન-મસાલા ગુટખા પર એક વર્ષનો પ્રતિબંધ

ન્યુ દિલ્હી,તા.૧૭

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં કોરોના સંકટની વચ્ચે સરકારે મોટો નિર્ણય લીધો છે. અરવિંદ કેજરીવાલ સરકારે દિલ્હીમાં પાન, મસાલાની બનાવટ, ગુટખા, ભંડાર, વિતરણના વેચાણ પર લાગેલા પ્રતિબંધને વધુ એક વર્ષ સુધી વધારી દીધો છે.

ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં છેલ્લા ૪ વર્ષથી પાન મસાલા પર પ્રતિબંધ છે. ખાદ્ય સુરક્ષા વિભાગે આ સંબંધમાં નોટિફિકેશન જાહેર કર્યું છે, તેના આધારે એક વર્ષ માટે ગુટખા, પાન મસાલા, તમાકુ કે અન્ય રૂપમાં તમાકુના ઉત્પાદનના નિર્માણ, સ્ટોરેજ કે વિતરણ પ્રતિબંધિત રહેશે.અરવિંદ કેજરીવાલે કહ્યું કે કોરોનાની વિરૂદ્ધમાં લડાઈ હજુ ચાલુ જ છે. કોઈએ થાકવાનું નથી, અટકવાનું નથી પણ સાથે આગળ વધવાનું છે.

કોરોનાની લડાઈ એકલા જીતી શકાશે નહીં. ટીમ વર્ક જરૂરી છે. સિધ્ધાંતો સાથે દિવસ રાત કામ કર્યું છે તેનું સારું પરિણામ મળી રહ્યું છે. દિલ્હીની જનતા, રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર, સ્વયંસેવી સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓ સહિતના સહયોગથી આ શક્ય બન્યું છે. દિલ્હીએ આજે કોરોના પર ઘણે અંશે કાબૂ મેળવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી કેસમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે અને મોતમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે.

# હવે ગ્રાહક બનશે કિંગ! ૨૦ જુલાઈથી કેન્દ્ર સરકાર લાવશે નવો કાયદો

ન્યુ દિલ્હી,તા.૧૭

ગ્રાહકોના હિતની રક્ષા કરવા માટે હવે મોદી સરકારે પોતાની કમર કસી લીધી છે. અવાર નવાર ગ્રાહકો સાથે નવી-નવી રીત વડે છેતરપિંડીના કેસ પર લગામ કસવા માટે કેન્દ્ર સરકાર નવો કાયદો લાગૂ કરવાની છે. ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯ને રોજ ૨૦ જુલાઈથી લાગૂ કરી દેવામાં આવશે. નવો કાયદો ગ્રાહક સુરક્ષા અધિનિયમ ૧૯૮૬નું નવું સ્વરૂપ હશે.

કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને સાર્વજનિક વિતરણ મંત્રાલયની એડિશનલ સચિવ નિધિ ખરેએ એક રાષ્ટ્રીય મીડિયા ચેનલ સાથે વાતચીતમાં જણાવ્યું કે કેન્દ્ર સરકાર આગામી સોમવારે નવો ગ્રાહક સુરક્ષા અધિનિયમ-૨૦૧૯ને લાગૂ કરી રહી છે. આ નવો કાયદો લાગૂ થતા નીચે મુજબના વિશેષ ફેરફાર આવશે.

તમને જણાવી દઇએ કે ગ્રાહક સુરક્ષા કાયદો ૨૦૧૯ ઘણા સમય પહેલાં તૈયાર થઇ ચૂક્યો છે. જેનો અમલ કોરોના વાયરસની મહામારી અને લોકડાઉનના કારણે પાછળ ઠેલી દેવામાં આવ્યો હતો. પરંતુ હવે ૨૦ જુલાઈથી આ કાયદો લાગુ થશે.

**નવા કાયદામાં આ છે વિશેષતાઓ**

– નવા કાયદામાં ગ્રાહકોને લલચાવવા માટે ભ્રામક જાહેરાત કરવામાં આવતાં કાર્યવાહી કરવામાં આવશે.

– ગ્રાહકો દેશની કોઇપણ કંઝ્યૂમર કોર્ટમાં કેસ દાખલ કરી શકશે.

– નવા કાયદામાં ઓનલાઇન અને ટેલિશોપિંગ કંપનીઓને પહેલીવાર સામેલ કરવામાં આવી છે.

– ખાવા પીવાની વસ્તુઓમાં ભેળસેળ હશે તો કંપનીઓ પર દંડ અને જેલની જોગવાઇ છે.

– કંઝ્યૂમર મીડિએશન સેલની રચના. બંને પક્ષ પરસ્પર સહમતિથી મીડિએશન સેલ જઇ શકશે.

– પીઆઇએલ અથવા જનહિત અરજી હવે કંઝ્યૂમર ફોરમમાં ફાઇલ કરી શકાશે. પહેલાંના કાયદામાં આમ ન હતું.

– કંઝ્યૂમર ફોરમમાં એક કરોડ રૂપિયા સુધીના કેસ દાખલ થઇ શકશે.

– સ્ટેટ કંઝ્યૂમર ડિસ્પ્યૂટ રિડ્રેસલ કમીશનમાં એક કરોડથી દસ કરોડ રૂપિયા સુધી કેસોની સુનાવણી થશે.

– નેશનલ કંઝ્યૂમર ડિસ્પ્યૂટ રિડ્રેસલ કમીશનમાં દસ કરોડથી ઉપરના કેસોની સુનાવણી થશે.

## પેટ્રોલના ભાવ સ્થિરઃ ડિઝલમાં ૧૭ પૈસાનો વધારો

ન્યુ દિલ્હી,તા.૧૭

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવમાં નરમી જોવા મળી રહી છે. છેલ્લા અમુક સપ્તાહોમાં વધારા બાદ આ સપ્તાહે દુનિયાભરના બજારોમાં ક્રૂડ ઓઈલના ભાવોમાં ઘટાડો નોંધવામાં આવ્યો છે. પરંતુ ભારતમાં પેટ્રોલ અને ડીઝલના ભાવથી લોકોને રાહત મળતી નથી દેખાઈ રહી. એક વાર ફરીથી આજે ઓઈલ કંપનીઓએ ભાવમાં વધારો કર્યો અને સામાન્ય જનતાને ભાવમાં ઘટાડાની રાહત ન આપી. જો કે પેટ્રોલના ભાવમાં ઘટાડામાં રાહત આપી નહિ. જો કે પેટ્રોલના ભાવમાં કોઈ પણ પ્રકારનો આજે વધારો નથી કરવામાં આવ્યો પરંતુ ડીઝલના ભાવમાં ૧૭ પૈસાનો વધારો કરવામાં આવ્યો છે.તમને જણાવી દઈએ કે આ પહેલા બુધવારે ડીઝલના ભાવમાં ૧૩ પૈસાનો વધારો કરવામાં આવ્યો હતો.

# દેશ વિદેશ નીતિ અને આર્થિક મુદ્દે કમજોર પડતા ચીન આક્રમક બન્યુઃ રાહુલ ગાંધી

ન્યુ દિલ્હી,તા.૧૭

કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ભારત અને ચીન વચ્ચેના વિવાદ અંગે એક વીડિયો ટ્વિટ કર્યો હતો. આ વીડિયોમાં રાહુલ ગાંધી નીડરતાપૂર્વક પોતાના મંતવ્યો રજૂ કરતા જોવા મળે છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, સવાલ એ છે કે આખરે ચીનાઓએ આ સમય જ શા માટે પસંદ કર્યો. આ વીડિયોમાં રાહુલ ગાંધીએ અર્થતંત્ર, પાડોશી સાથેના સંબંધો અને વિદેશ નીતિ મામલે ખુલીને પોતાના મંતવ્યો રજૂ કર્યા હતા.

રાહુલ ગાંધીએ કહ્યું કે, હાલ ભારતની શું સ્થિતિ છે કે ચીનને આ પગલું ભરવાની રજા મળી ગઈ. એવું શું બની ગયું કે ચીનને વિશ્વાસ થઈ ગયો કે તે આવું પગલું ભરી શકે તેમ છે. કોંગ્રેસી નેતા રાહુલ ગાંધીએ વીડિયોમાં કહ્યું હતું કે, 'આ મુદ્દાને સમજવા અનેક બાબતો સમજવી પડશે. દેશની રક્ષા મુખ્ય રૂપથી વિદેશ નીતિ, અર્થતંત્ર અને લોકોના વિશ્વાસ પર ટકેલી છે. પરંતુ છેલ્લા છ વર્ષમાં આ બધા જ મુદ્દે દેશ ફેલ થયો છે.'

વિદેશ નીતિ મુદ્દે વાત કરતી વખતે રાહુલ ગાંધીએ જણાવ્યું કે, પહેલા આપણે અમેરિકા, રશિયા, યુરોપ સહિત લગભગ તમામ દેશો સાથે સારા સંબંધો હતા. પરંતુ આજે આપણા સંબંધો ફક્ત વ્યાપાર પૂરતા રહી ગયા છે, રશિયા સાથેના સંબંધો ખરાબ થયા છે. પહેલા નેપાળ, ભૂતાન, શ્રીલંકા આપણા મિત્ર હતા. પાકિસ્તાન સિવાયના તમામ પાડોશી આપણા સાથે કામ કરતા હતા પરંતુ આજે બધા આપણા વિરૂદ્ધ વાત કરી રહ્યા છે.

કોંગ્રેસી નેતાએ જણાવ્યું કે, એક સમયે અર્થતંત્ર આપણો પાવર હતું પરંતુ આજે બેરોજગારી ચરમસીમાએ છે. નાના વેપારીઓ મુશ્કેલીમાં છે પરંતુ સરકાર આપણી વાત નથી સાંભળી રહી.

કોંગ્રેસી નેતાએ જણાવ્યું કે, જો તમે એક દેશની રીતે વિચારશો તો દરેક વસ્તુનું મહત્વ છે. જો અર્થતંત્રમાં પૈસા નહીં રોકવામાં આવે તો બધું બરબાદ થઈ જશે અને હાલ એ જ બની રહ્યું છે.

# સીપીઓમાં ૩૦,૮૮૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં વૃદ્ધિઃ એલચી, કપાસ, કોટનમાં સુધારો

## મેન્થા તેલમાં ઘટાડોઃ સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહઃ સોનું તેજ, ચાંદી ઢીલીઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસ, બિનલોહ ધાતુઓમાં સાર્વત્રિક નરમાઈ: પ્રથમ સત્રમાં રૂ. ૧૦,૦૦૯ કરોડનું ટર્નઓવર

મુંબઈ

વિવિધ કોમોડિટી વાયદા અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ ૫૨ ૧૪૨૭૯૦ સોદામાં રૂ. ૧૦,૦૦૯.૪૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાઓનો હિસ્સો રૂ.૯૭૭૯.૧૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૨૩૦.૩૫ કરોડનો રહ્યો હતો. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાના ભાવમાં સામસામા રાહ હતા. સોનું વધ્યું હતું, જ્યારે ચાંદી ઘટી આવી હતી. તમામ બિનલોહ ધાતુઓમાં નરમાઈ હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને નેચરલ ગેસ બંને ઘટી આવ્યા હતા. કૃષિ કોમોડિટીઝમાં સીપીઓમાં ૩૦,૮૮૦ ટનના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં વૃદ્ધિ થઈ હતી. એલચી, કપાસ અને કોટનમાં સુધારા સામે મેન્થા તેલમાં ઘટાડો થયો હતો.

કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં કુલ ૭૮૪૭૬ સોદાઓમાં રૂ. ૫૫૪૫.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૮૭૯૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪૮૮૬૦ અને નીચામાં રૂ. ૪૮૭૧૩ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૬૩ વધીને રૂ. ૪૮૮૩૬ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૯૪૭૧ અને ગોલ્ડ-પેટલ જુલાઈ કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૮૯૭ થયા હતા, જ્યારે સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩ વધીને બંધમાં રૂ. ૪૮૮૬૪ ના ભાવ રહ્યા હતા.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૫૨૪૪૪ ખૂલી, ઊપરમાં રૂ. ૫૨૪૮૦ અને નીચામાં રૂ. ૫૨૧૭૮ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૭૧ ઘટીને રૂ. ૫૨૪૩૯ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ઓગસ્ટ રૂ. ૧૮૧ ઘટીને રૂ. ૫૨૫૧૧ અને ચાંદી-માઈક્રો ઓગસ્ટ રૂ. ૧૭૪ ઘટીને રૂ. ૫૨૫૧૭ બંધ રહ્યા હતા.

એનર્જી સેગમેન્ટમાં કુલ ૪૨૨૮૬ સોદાઓમાં રૂ. ૧૫૩૮.૩૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જુલાઈ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૩૦૬૪ ખૂલી, ઊપરમાં રૂ. ૩૦૬૫ અને નીચામાં રૂ. ૩૦૨૮ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૨૬ ઘટીને રૂ. ૩૦૩૯ બંધ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨૫૫૦ સોદાઓમાં કુલ રૂ. ૨૪.૮૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન જુલાઈ વાયદો ગાંસડીદીઠ રૂ. ૧૬૧૨૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૧૬૦ અને નીચામાં રૂ. ૧૬૦૬૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦ વધીને રૂ. ૧૬૧૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૭૦૩.૧ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૯ વધીને બંધમાં રૂ. ૭૦૯ ના ભાવ હતા, જ્યારે એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ. ૧૪૨૯ ખૂલી, અંતે રૂ. ૩૯.૫ વધીને રૂ. ૧૪૨૯ થયો હતો. મેન્થા તેલ જુલાઈ વાયદો કિલોદીઠ રૂ. ૯૬૦.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૪.૯ અને નીચામાં રૂ. ૯૫૩ રહી, અંતે રૂ. ૯૫૬.૫ બંધ રહ્યો હતો. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ રૂ. ૯૬૪.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૬૯.૫ અને નીચામાં રૂ. ૯૫૯ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪.૦૦ વધીને રૂ. ૯૬૮.૫ ના સ્તરે બંધ રહ્યો હતો.

વાયદાઓમાં કામકાજની દ્રષ્ટિએ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વિવિધ વાયદાઓમાં મળીને ૧૫૬૧૩ સોદાઓમાં કુલ રૂ. ૩૦૧૪.૨૨ કરોડ ની કીમતનાં ૬૧૭૫.૯૫૭ કિલો, ચાંદીના વિવિધ વાયદાઓમાં મળીને ૬૨૮૬૩ સોદાઓમાં કુલ રૂ. ૨૫૩૧.૪૧ કરોડ ની કીમતનાં ૪૮૩.૪૬ ટન, ક્રૂડ તેલમાં ૧૯૦૬૦ સોદાઓમાં રૂ. ૯૦૩.૮૬ કરોડનાં ૨૯૬૯૯૦૦ બેરલ્સ, કોટનમાં ૨૭૪ સોદાઓમાં રૂ. ૨૦.૮૨ કરોડનાં ૧૨૮૨૫ ગાંસડી, સીપીઓમાં ૨૧૬૧ સોદાઓમાં રૂ. ૨૧૭.૫૩ કરોડનાં ૩૦૮૮૦ ટન, એલચીમાં ૧ સોદાઓમાં રૂ. ૧.૪૩ લાખનાં ૦.૧ ટન, મેન્થા તેલમાં ૪૭ સોદાઓમાં રૂ. ૪.૯૭ કરોડનાં ૫૧.૮૪ ટન, કપાસમાં ૬૭ સોદાઓમાં રૂ. ૧.૪૭ કરોડનાં ૩૦૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્ર સુધીમાં સોનાના વાયદાઓમાં ૨૧૬૧૬.૯૨૮ કિલો, ચાંદીના વાયદાઓમાં ૫૯૩.૩૬૯ ટન, ક્રૂડ તેલમાં ૫૯૦૫ બેરલ્સ, કોટનમાં ૧૧૪૫૫૦ ગાંસડી, સીપીઓમાં ૮૦૭૩૦ ટન, એલચીમાં ૦.૬ ટન, મેન્થા તેલમાં ૧૪૭.૯૬ ટન અને કપાસમાં ૬૫૬ ટનના સ્તરે રહ્યો હતો.

કોમોડિટી ઓપ્શન્સમાં કુલ રૂ. ૨૩૦.૩૫ કરોડનું ટર્નઓવર (નોશનલ) થયું હતું, જ્યારે પ્રીમિયમ ૧.૯૩ કરોડ નું રહ્યું હતું. ઓપ્શન્સના કુલ વોલ્યુમમાં કોલ ઓપ્શન્સનો હિસ્સો ૬૨.૭૯ ટકાનો અને પુટ ઓપ્શન્સનો હિસ્સો ૩૭.૨૧ ટકાનો હતો.

સોનાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૪૫ ખૂલી, ઊપરમાં રૂ. ૩૪૫ અને નીચામાં રૂ. ૨૭૪.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૦૨ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૮૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪૦ ખૂલી, ઊપરમાં રૂ. ૧૭૦ અને નીચામાં રૂ. ૧૩૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૪૭ બંધ રહ્યો હતો. ચાંદીનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૫૫૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૯૪૮.૫ ખૂલી, ઊપરમાં રૂ. ૯૪૮.૫ અને નીચામાં રૂ. ૮૮૦.૫ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮૮૮ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૯૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૪૮૬ ખૂલી, ઊપરમાં રૂ. ૫૦૪ અને નીચામાં રૂ. ૪૧૪ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૫૯ બંધ રહ્યો હતો.

તાંબાનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં પુટ ઓપ્શન્સમાં રૂ. ૪૪૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૦.૧ ખૂલી, ઊપરમાં રૂ. ૦.૧ અને નીચામાં રૂ. ૦.૧ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૦.૧ બંધ રહ્યો હતો.

જસતનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૧૭૫ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો જુલાઈ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૧.૯૨ ખૂલી, ઊપરમાં રૂ. ૧.૯૨ અને નીચામાં રૂ. ૧.૯૨ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧.૯૨ બંધ રહ્યો હતો.

ક્રૂડ તેલનાં ઓપ્શન્સમાં સૌથી વધુ સક્રિય રહેલા કોન્ટ્રેક્ટોમાં કોલ ઓપ્શન્સનો રૂ. ૩૨૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૩૫ ખૂલી, ઊપરમાં રૂ. ૧૩૬.૯ અને નીચામાં રૂ. ૧૧૬.૩ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૨૦ બંધ રહ્યો હતો, જ્યારે પુટ ઓપ્શન્સમાં રૂ. ૩૦૦૦ ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૧૪૯.૭ ખૂલી, ઊપરમાં રૂ. ૧૬૨.૨ અને નીચામાં રૂ. ૧૪૪.૭ રહી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૫૫.૭ બંધ રહ્યો હતો.

ન્યુઝ ઑફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.આયોજક - સંચાલન એડમીન ટીમ.

કરંટ ટોપીક
વિભાગ.. : ગદ્ય
NG No. : 0058
શીર્ષક : માસૂમિયત

અલૂણા કરી રહેલી પીક્રી માટે તેનાં માસી ખાઉની ટોપલી લઈને પીક્રીને આપતાં બોલ્યાં, "લે, તારી મમ્મીની જેમ જ વ્રત કરજે."

છેલ્લાં ચાર વર્ષથી અલૂણા કરી રહેલી પીક્રીને આવી બધી વાતોથી થોડી નવાઈ તો લાગતી. પરંતુ પછીથી ટેવાઈ ગઈ હતી. ઘડીક મહેંદી ચીતરેલાં હાથ ને જોતી તો ઘડીક નવાં કપડાં ને નવી બંગડીથી શોભતાં તેનાં હાથ જોતી. અવનવાં શણગાર સજેલી પીક્રી, માસીએ આપેલાં ખાઉને બટવામાં ભરીને ખુશખુશાલ થતી, આમતેમ કૂદવા લાગી.

"બેટા, જરા શાંતિથી બેસ ને હું માસી સાથે વાત કરી લઉં."

આખા ઘરમાં કૂદા-કૂદ કરતી પીક્રીને તેની મમ્મીએ ટોકી.

મમ્મીની બાજુમાં બેઠેલાં તેનાં માસી તરફ તેનું ધ્યાન ગયું. ગાલ પર આંગળીઓનાં નિશાનને જોઈને અને સૂઝેલી આંખોમાંથી સતત વહેતી આંસુની ધારે પીક્રીની ઉત્સુકતા વધારી દીધી. તે તેની મમ્મીની બાજુમાં ગોઠવાઈ.

"બસ, હવે બહુ થયું. હવે, તું આ અત્યાચાર સહન નહિ કરે. છૂટાછેડા માટે કોર્ટમાં અરજી કરી જ દે.." મમ્મીનું છેલ્લું વાક્ય સાંભળીને પીક્રી બોલી, "માસી, તમે મમ્મીની જેમ પાંચે આંગળીએ ચત્તાં નહોતાં પૂજ્યાં ?"

પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

---

NG-NO. 60
વિભાગ : કરંટ ટોપિક.
શીર્ષક : ટેલીવિઝન ઈન્ડસ્ટ્રીમાં પ્રવર્તી રહેલી મંદી.

આપણે સૌ જાણીએ છીએ તે અનુસાર કોરોનાએ આખી દુનિયામાં કાળો કેર વર્તાવી દીધો છે. તેમાં અગણિત લોકો પોતાનો જીવ ગુમાવી ચૂક્યાં છે. પણ, વાત આટલેથી જ નથી અટકતી. લોકડાઉનને લીધે સંખ્યાબંધ લોકોએ પોતાનાં ધંધા-રોજગાર ગુમાવ્યાં છે. તો બીજાં ઘણાં બધાં લોકો અને ઉદ્યોગોને ભયંકર મંદીનો સામનો કરવો પડી રહ્યો છે.

તેમાં ટેલીવિઝન ઇન્ડસ્ટ્રી પણ શામેલ છે.મનોરંજન માટે ટીવી હંમેશા બેસ્ટ વિકલ્પ રહ્યું છે અને ભારતમાં લગભગ ત્રણ મહિનાથી સીરિયલોના શૂટિંગ બંધ છે. તેને કારણે કેટલાંય નાનાં માણસોને મળતી રોજી રોટી બંધ થઈ ગઈ છે.

નિર્માતાઓને પણ શો ઓન એર ન જવાથી નુકસાન થઈ રહ્યું છે. મોટાં બજેટવાળા અને ખૂબ લોકપ્રિય શોને વાંધો નથી. પણ અમુક નાનાં નિર્માતાઓએ તો શો બંધ કરવાની ફરજ પડી છે. તો કેટલાંક નિર્માતાઓ થોડાં એપિસોડનું શૂટિંગ કરી શો વાઈન્ડ અપ કરી દેવાનાં મૂડમાં છે.

સરકારશ્રીએ જે નિયમો જનહિત માટે પાળવાનું કહ્યું છે તેમાં દસ વર્ષથી નાનાં બાળકો, પાંસઠ વર્ષથી ઉપરનાં વ્યક્તિઓ સેટ પર ન આવી શકે. સેટ પર કામ કરનાર દરેક વ્યક્તિઓનો અમુક રકમનો વીમો ઉતરાવવાનો....વગેરે કારણોસર નાનાં નિર્માતાઓ મુશ્કેલીમાં મૂકાઈ ગયાં છે. ભગવાન કરે આ કોરોનાનું મહાસંકટ જલ્દી દૂર થાય અને દુનિયા આખી પહેલાંની જેમ ધમધમતી થઈ જાય.

ભગવતી પંચમતીયા 'રોશનીલ.

---

NG - No - 0068
વિભાગ - કરંટ ટોપિક
શીર્ષક - આજની સાસુમાંના વિચારો...

ઘણાં વર્ષો પહેલાં
પુત્રવધુઓને ચિંતા થતી કે
સાસુમાં કેવી મળશે ? પરંતુ યુગ બદલાયો છે , આજના કળયુગ સમયમાં પુત્રવધુઓને
સાસુમાં કેવા મળશે?! - એ વાતની બિલકુલ ચિંતા જ નથી પણ સાસુમાંને પુત્રવધુ કેવી માથાભારે મળશે તે વાતની સતત ચિંતા સતાવ્યા કરે છે!

હા, દરેક પુત્રવધુ ખરાબ નથી હોતી અને દરેક સાસુમાં પણ ખરાબ નથી હોતી .બસ પહેલેથી જ એક પૂર્વગ્રહ બાંધી લેવામાં આવ્યો છે કે સાસુમાં પુત્રવધૂની ક્યારેય માં ન બની શકે અને પુત્રવધુ ક્યારેય સાસુમાંની દીકરી ન બની શકે!!!

લગ્ન પછી પુત્રવધુ જ્યારે ઘરમાં આવે છે ત્યારે થોડા નખરાં તો કરે જ છે અને એ એનો હક પણ છે.સાસુમાં પણ જાણતી હોય છે કે તે પણ ક્યારેક કોઈકની પુત્રવધુ હતી. તે પણ ક્યારેક આ સમયમાંથી પસાર થઈ જ ચૂકી છે.

સાસુમાં પુત્રવધૂને દીકરી જ સમજતી હોય છે કેમકે તેની પોતાની દીકરી પણ કોઈકના ઘરની પુત્રવધુ હોય છે અને દીકરીને સાસરે મોકલ્યા પછી તેની પુત્રવધુમાં જ તેની દીકરીની છબી દેખાય છે . તે ચાહતી હોય છે કે જેમ તેની પોતાની દીકરીને લાડ કરે છે તેમ પુત્રવધુઓને પણ કરે પરંતુ આ વાત કળયુગની પુત્રવધુઓને કોણ સમજાવે?

એક સિરિયલ આવતું હતું ,
" –ક્યુકી સાસ ભી કભી બહુ થી!! "
પણ આ પુત્રવધુઓને કોણ સમજાવે કે " કયુકી બહુ ભી કભી સાસ બનેગી!"–

જ્યાં સુધી એક પુત્રવધુ સાસુમાં ન બને ત્યાં સુધી તેને તેની માં જેવી સાસની લાગણી , પ્રેમ , મૂલ્ય સમજાતું જ નથી પણ સમય જતાં સમજાય છે.

બંને સાથે જમવાનું બનાવી સાથે જમશે,
તો આખા પરિવારને પણ ગમશે,
એક દીકરીને ફરી વાર માં મળશે ,
ને એક માંને ફરી વાર દીકરી મળશે!!

નાથબાવા ચાંદની સોમનાથ "ચાંદ "
માંડવી કચ્છ

---

શીર્ષક
સ્પર્ધા :-3
વિભાગ :પદ્ય /અછાંદસ
NG No.:0012
શીર્ષક : સાદ

ચડાવી ચાકડે
નિજ જિંદગી
કર્યાં રખોપાં અમ તણાં ,
મોભીયે પાણી પડ્યાં
પણ સૂવાડી સૂકે
ખુદ પાથર્યાં
કંતાન
ન દેખ્યાં રાત, દિન
કે પરોઢ સાચવ્યાં સંતાન
કહે ,'મને ચાલશે '
ચાંદરાં ઓઢો તમે
ઉરે ન લાવ્યો
કદી ઉચાટ,
ન લીધી સૂવા કદીયે ખાટ
રોટલો સૂકો 'ને
ખાધી કઢી
જમાડ્યાં સદા
પકવાન ..
કંઈ કેટલા
આમ ચક્કર ઘૂમી
આવી જિંદગી ત્યાં જ પાછી
પણ
લઈ બાપુના
નૂરને પાછું .....
આયખું આથમતું આછું..
બે પાંદડે થયા
અમ બધા બંધુ
થઈ ગયું દૂર દુઃખ સંધુ ..
ખરો ચાકડો ફર્યો ઘડતરનો
ફરી બાપુ ફેરવે છે
ચાકડો
પણ સંત ભાવે
અનંત સુખ પામ્યા અમે
તમ ચરણ ધરીયે વંદન સકળ
નથી ફરવું ચારધામે
બસ ફરતો રહે
ચાકડો 'ને
હાથ સદા મસ્તક ઉપર
ઝૂમર સુખનાં
કરતાં રહે નાદ
'ને
પડતો રહે કાને
અવિરત સાદ
આપના આશિષનો...!!!

- ડો.નિષાદ ઓઝા "અમન"

---

NG - 0071
ચિત્ર પરથી ગઝલ
ગઝલ - માનવકુંભ
રમલ છંદ - ગાલગાગાગ ગાલ ગા

જિંદગીનું માટલાની જેમ ઘડતર થાય છે.
જેમ એ ટીપાય પાકું એમ ચણતર થાય છે.
માટીનો માનવ મળે માટીમાં અંતે ત્યાર તો,
આવી મહેનતનું ખરેખર સાચું વળતર થાય છે.
એકલાં ટપલાં નથી પડતાં આ વાસણને જુઓ,
હાથમાં કુંભારના પણ ખૂબ કળતર થાય છે.
હાથમાં છાલા પડ્યા છે, તે છતાં આનંદ છે,
પેટના ખાડાંને પૂરતું એ ય બફર થાય છે.
એમ કઈ આકાર દેવો એટલો સહેલો નથી,
છે અભણ પણ શિક્ષિતો જેવું જ ભણતર થાય છે.
માટલું કુલડી કલાડું કોડિયું કુંડુ બન્યું,
તત્વ એક જ છે છતાંપણ રૂપ નવતર થાય છે.
વ્હેમ શંકા રાખવી કાં ? ઈશનું સર્જન બધાં,
"દીપ" પ્રગટાવીને જોજો કેમ નડતર થાય છે?

દીપકસિંહ સોલંકી "દીપ" આણંદ

---

NG. No.55
Current topic.
વિષયઃ ઓનલાઇન શિક્ષણ
Online education

Lock down દરમિયાન એક નવો જ પ્રયાસ થયો, કદાચ મીડિયા એ તેની નોંધ નહી લીધી હોય પણ શિક્ષણ જગત ચોક્કસ સફાળું બેઠું થયું છે. Online study જેવું તૂત રાતોરાત ખડું કરી દેવામાં આવ્યું, કોરોના રોકવા જેટલા પગલાં સરકારે નથી લીધાં એનાથી વધુ પગલાં કહેવાતી ઇન્ટરનેશનલ સ્કૂલનાં અધિકારીઓ એ લીધા. જે મોબાઈલ કાલ સુધી શાળાઓ માટે વર્જ્ય હતો, તે જ મોબાઈલ રાતોરાત આરાધ્ય દેવ બની ગયો.

હકીકતમાં આ જ એક એવો સમય હતો કે જેને આપણે આફતમાંથી અવસરમાં ફેરવી શકીએ તેમ હતા. સમાજમાં ઘરે ઘરે જે નાના ના દીવડાઓ ટમટમી રહ્યા છે તેને ઓળખવાનો...તેના બદલે online study ના રૂપાળાં નામ હેઠળ તેઓને વધુ ગોખણપટ્ટી ના બોજ હેઠળ દબાવી દેવામાં આવ્યા. હા, અમુક ધોરણ સુધી ચોક્કસ ફાયદો પણ થયો છે પણ આ છોટે ઉસ્તાદ નું શું?? જે વેકેશન નું નામ પડતાં જ જેની જીભ પર એકસામટા દસ બરફ ગોલા નો સ્વાદ આવી જતો, તે wonderful vacation n ðu online classes ના નામે હોમાય ગયું છે.

આજ સમય છે કે આ little champs ને આપણે સ્વાવલંબી બનાવી શકીએ છીએ, તેઓ પોતાના નાનામોટા તમામ કામ જાતે કરતાં શીખી શકે છે..રફુ કરવું, સિવવું, છોડને પાણી આપવું, ઘર સાફ રાખવું....આવું તો કઈ કેટલુંયે આપણે તેમને શીખવી શકીએ છીએ..

તો આવો ગમતાનો કરીએ ગુલાલ ...આ lockdown ને ખરાબ યાદ નહી પણ જિંદગીભર યાદ રહે તેવું ભાથું બનાવીએ....

શ્રદ્ધા ભટ્ટ વાપી

---

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/માલિક)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા
સહ સંચાલક - મનીષ વોરા
સંપર્કઃEmail:
prdpraval42@gmail.com

---

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

# કૉંગ્રેસ ને ગ્રહણ વખતે સાપ નીકળ્યા જેવી પરિસ્થિતિ

થોડા સમય પેહલા રાહુલ ગાંધીના બે મુખ્ય સહાયકોમાંથી એકે કોંગ્રેસ છોડી અને ભા.જ.પા માં જોડાઈ ગયા. હવે સચિન પાયલોટ પણ એકજાતની'ભગાવત' કરી બેઠા છે. અને કોંગ્રેસ ને માટે 'ગ્રહણ વખાતે ઘરમાં સાપ' નીકળ્યા જેવી પરીસ્થિતિ થી ગઈ છે. અને પછી છેલ્લા દાવ માં 'ટ્રમ્પ કાર્ડ' જુ પત્તુ ખુલશે તો 'ભાજપમાં' એક બધું 'સિંહ માર્યાનું' વાત વારં ફેલાઈ જાય તો નવાઈ નહિ. સચિન ને ખબર છે કે પ્લેનના એન્જીનમાં પેટ્રોલ ખાલી થવા માંડ્યું છે અને બંને એન્જીનો ધીમા પાડવા મંડ્યા છે અને સમય જતા પોતાના વિમાનને 'ગ્લાઈડિંગ' કારણે જ કોઈ ખુલ્લા મેદાનમાં ઉતારવા શિવાય કોઈ રસ્તો નથી. ગમે તે કહે પણ કોંગ્રેસ સાથેના સબંધોમાં હવે ખુબ ખારાશ આવીગઈ છે, ભલે ગળપણ ની મીઠી વાતો થતી હોઈ. ઘરમાં વાસણો ખખડે તો પડોસીઓ કેવા ડાહ્યા ડામર થઈને બારણાં બંધ કરી બેસી જાય છે, પણ લાગ મળે બળતામાં ઘી નાખવાનું ચુકતા નથી. પછી જો પૂછો તો કહે, ×મારે કેટલા એમનો ઘરનો મામલો છે×. શું, ભા.જ.પા જમીન પાર ખેતરો સાફ કરી સચિનના પ્લેનની ઉતરવાની પુરી તૈયારી નહિ કરતા હોઈ? આપણે જોયું હશે કે જે નેતાઓ જયારે પાર્ટી બદલે છે તેમના આત્મામાં અચાનક દેશભક્તિની અને સમાજ સેવાની ભાવનાઓની જયોત સળગી જાય છે. અતિયાર સુધી જયાં 'ખાધું-પીધું' તેમાં ખોટો યાદ આવવા માંડે છે અને પછી 'છાપરે ચડી 'પોતાનું દુઃખ રડી લે છે. જો સામાન્ય રીતે કોઈ એક વ્યક્તિ ઓઉર ટીકા કાર્ય વગર જનરલી કેહીએ તો આપણા પત્રકારો પણ એક નમૂનો છે, તે પણ 'રાજકીય વાંદરાઓને નિસરણી' આપવાનું ચુકતા નથી. પ્રશ્નો રૂપી લાલચ આપી દે છે, પછી એકવાદ બંદો ઉપર ચડી જાય તો પછી તે આરામથી નિસરણી પણ ક્યારે સરકાવી દે છે તેની આ વાંદરાઓને જરાપણ ગંધ પણ નથી આવતી. ચઢતા તો તે ચઢી જાય પણ હવે ઉતરવું કેવી રીતેની મુંજવણ માં પડી જાય છે. ગણા એવા પણ હોઈ છે કે ઉંચાઈ પર પોહચી જાય છે પણ પછી જયારે નીચે વળી જુવે છે ત્યારે 'બીક' લાગે છે પણ ત્યારે બહુજ મોડું થી ગયું હોય છે. કેટલીક વાર રાજકારણમાં પણ આવીજ પરીસ્થિતિ થતી હોઈ છે. ઉપર જે બે ચાર રોટલાના કટકા નાખેલ હોય તે તો તે જલદીમાં ખાઈ નાખે છે પછી દીકરો 'ના તો ઘરનો ના તો ઘાટ નો' એવી સ્થિતિ માં આવી જાય છે. પણ આ રાજકીય વાંદરાઓ આમ જોવા જાવ તો નફફટ અને જાડી ચામડીના ઘડાઈ જાય છે. જમીન ઉપર છૂટથી ફરતો અને પોતાનું મન ફાવે ગમે તે ઝાડ ઉપર ચડી ફળ ખાતો પણ લોભાઈ ને કોઈકવાર ઉંચી દીવાલ ઉપર ચડી અને ફસાઈ જાય છે. મોટા ભાગના આયા રામ-ગયા રામ ની પણ આવીજ હાલત હોય છે પણ મૂળ જ્યાં રોટલો દેખાય ત્યાં છલાંગ મારી પોંહચવાની તેનેય પ્રકૃતિ છે. થોડો ડાહ્યો હોઈ તે સામજીને એક દીવાલ પરથી બીજી ઉપર કુદકા મારી ભીખ માંગી ખાવાની નવી કાળા શીખી જાય છે. આ છે ભારતનું રાજ કારણ. કોંગ્રેસ આવથી ભરપૂર હતી. હવે મોટાભાગના ભા.જ.પ એ ખરીદી લીધા જેવાજ કહીએ તો રાજકીય દ્રષ્ટિએ ખોટું તો નાજ કહેવાય. પક્ષાંતર ને હવે નવી વ્યાખ્યા પ્રમાણે 'પુનર્હ જન્મ' કહી અને કોઈવાર ઘર વાપીસી કરી અવકારાય છે. પછી મોટા સમારંભોમાં તે 'બધુજ ઓકી' નાખે છે. લેવેવાળી પાર્ટીને તેમના 'ઈંવેંશમેન્ટ' નું વ્યાજ સાથે પુરે પૂરું વળતર મળી જાય છે. આજકાલ ભા.જ.પા માટે 'કોંગ્રેસીયાનો' ખરીદવાનો મોટો વેપાર સફળતા પૂર્વક પાર પડતો લાગે છે. પહેલાના જમાનામાં જયારે ગુલામો ખરીદતા ત્યારે તેમની શારીરિક તંદુરસ્તી અને ગુલામી કરવા માટેની માનસિકતા પેહલી તપાસાતી અને પછી બોલી બોલાતી? અહીં, આજકાળ કોણ કેટલા 'બ્લૅકના' પૈસાનો આસામી છે અને કઈ ધાર્મિક કે પછી કઈ કોમોના વોટો લાવીશકે છે તેની પેહલી તાપસ થાય છે. કોંગ્રેસીયાઓને બ્રષ્ટાચારીઓ કેહનારો પક્ષ એજ પક્ષના નેતાઓને ખરીદી લેછે અને એકવાર તેમના 'કોમવાદી રાજકારણ ની ગંગા' માંથી ડૂબકી મારી બીજે પાર આવી જાય છે તેમને દુધે ધોયેલા ભારતમાતાના પવિત્ર સેવક બતાવાય છે. જો વિચાર ધરાનો પ્રશ્ન લઈએ તો ગઈકાલનો 'સેક્યુલર' માં માનતો નેતા અચાનક 'હિન્દુત્વના સંઘી' વિચાર ધારા માં કેવીરીતે પરિવર્તન કરે? હા એક સરસ જાડી બુટ્ટી છે કે જ્યાં 'રાજકીય મોરાલિટી' જેવી ઈમિયું સિસ્ટમ માં ખોટ હોઈ તો પછી 'સત્તાની ખુરસી અને પૈસા નો લોભ' જેવી વારસો માં આ પાટલી બદલું નામની જાડી બુટ્ટી કામ કરી જાય છે. જોકે હવે 'વિચારધારા, નુ મહત્વ ફક્ત સત્તા મેળવવા કે પૈસા બંનાવ પૂરતુંજ રહ્યું છે. રામ ને નામે આ પથ્થરો તરતા બતાવવા નીચે કેટલા નાણાં, ધમકીઓ અને પ્રલોભનોના ટેક આપયા છે એ સામાન્ય પ્રજાને ક્યાં તો સમજાતું નથી કે સામનજવું નથી. દુઃખની વાત તો એ છે કે જેમ ગધેડા ને માથે એક દફણૂ મૂકી તેને છેડે એક ગાજર લટકાવવામાં આવે તો તેની પાછળ તે મૂગું પ્રાણી પકડવા માટે દોડેછે.

જોકે જનતાને આ પ્રાણી સાથે સરખાવાય નહિ પણ હજુ પણ એવી માસિકતા ધારાવે છે કે 'ડેવલોપમેન્ટ ને ગુડ ગવર્નન્સ ની લાકડી ઉપર પાકિસ્તાન, નહેરુ, ગાંધી અને રાહુલ ના નામના ગા જરો લટકાવી એક હિંદુત્વના રાજકાર તરફ દોરી જવાય છે તે ની હજુ સમાજ નથી. આજે બેકારી કૂદકે ને ભૂસકે વધતી રહી છે, તેની પાછળ ફુગાવો અને જરૂરી ચીજોના ભાવો પણ દોડમાં આવી ગયા છે. ધંધા અને ઉત્પાદન વેપારની મંડી તરફ બેફામ રીતે વહેવા મળી છે. હવે સરકાર જેમતેમ હવાતિયાં મારી હલેષા મારી દેખાડવા પ્રયત્ન કરે છે કે તે નાવને સુખ રૂપ પેલે પાર ઉતારી દેશે. ૨૦૧૪-૧૯ સુધીમાં સમય ફક્ત પરદેશી માલ ખરીદવામાં અને પરદેશીઓને આપણા ખુબ જ જરૂરી ઈન્ફ્રા સ્ટ્રકચ માં નિવેશ કરવાનીબેફામ (100% FDI છૂટ) થઈ દેશની પોતાને જાત ઉપર નિર્ભય રેહવાની શક્તિ હવે તળિયા ઝાટક કરી અને બધાને ' સ્વાનિર્ભયા' ની સલાહ અપાય છે. ચાઈના ની સરહદ પરની ઘૂસણ ખોરી ને તો બાજુપર મુકો, પણ છેલ્લા ૬ વર્ષોમાં આપણી સરકારે ચીનાને 'કન્ઝ્યુમર માર્કેટમાં' એટલા ઘૂસવા દીધા કે ૪૦% ઉપરાંત માલ સમાન તેમનોજ આપણે વાપરીએ છીએ. પરિણામે આપણી સમાન બજ્ઞાવાની કંપનીઓની પુરી તોડી નાખી છે. એટલુંજ નહિ પણ ઇન્ફ્રાસ્ટ્રક્ચ માં પણ ચીની કંપનીઓ નો ખુબજ ઉંડો પગ પેસારો કરવા દીધો છે. ઢોકળામ પછી ચેતી જવાને બદલે ચીન ને આપણી અર્થ વ્યવસ્થા માં ઉંડે સુધી પગ પેસારો કરવા દીધો છે. પરિણામે હવે નેપાળ, તિબેટ દેશો એ પણ આપણી નેતાગીરી ની શક્તિ નું આંકલન કરી લીધું છે. શ્રી લંકા અને બાંગલાદેશ પણ ધીમે ધીમે તેમની જેમ આંખ દેખાડવાનું શરુ કર્યું છે. ઈરાને પણ મોટો કોન્ટ્રાક્ટ કેન્સલ કરી નાખ્યો છે. પણ અમારે તો ગુગલ કયારે આવશે અને કેટલા લાવશે અને સરકર હવે પછી કઈ કંપનીઓ વેચી ટેક્સ અને GST ની આવકની ખોટ પૂર કરશે તેનાથી ફક્ત વાહ....વાહ.. કરવાની. આપણે પાકિસ્તાનમાં વગર બોલાવે 'બિરિયાની ખાવા' પોહંચી ગયા અને ચીનના પ્રમુખ ને આત્મીયતાના સંબંધો બતાવી સાબરમતિ ને કિનારે ઝૂલા ઝુલાવ્યા પણ એટલી સુધી બુધ ન હતી કે આ પાકિસ્તાનમાંથી અમેરિકાનો પગ મૂળમાંથી ઉઠાવી આ ચીનાઓ પાકિસ્તાનને સધ્ધર કરતા હતા. લોકોને નહેરુ અને મનમોહન સીંગ ની વાતો કરી ઉશ્કેરતા હતા તેમને એ પણ વાતની થોડી એ ખબર ન હતી કે ચાઈના તમારા પોતાન આર્થિક અને નાણાકીય વ્યવસ્થમાં કેટલા ઉંડા મૂળ નાખતું હતું. આ જે પાકિસ્તાનની સરહદ પાર શું ફેર પડયો છે? ફક્ત એક 'સર્જીકલ સ્ટ્રાઇક' ચૂંટણી પેહલા કરી, હવે હજુ પણ ચાસ વારે આતંકવાદીઓ ના ગુમલાઓની વાતો આવે છે. તે પણ પૂરું લોકડોવન હોવા છતાં! હમણાં 'ખાલીસ્તાનીઓ' ના ફરી માથું ઉંચકવાના સમાચારો આવવા માંડ્યા છે. કાશ્મીર ઉપર લોખન્ડી પંજો તો સિના, અમેરિકા અને રશિયા એમને ઉશ્કેરશે નહિ? આને પોલિસી પેરાલિસિસ તો નાજ કહેવાય પણ બીજા ગાન શબ્દો છે જે વાપરાય તેવા નથી. આજે ભારતને પોતાના ઘરેણાં ( (selling our country silver) ૬૦ વર્ષોની મેહનત થી બનાવેલા અને ભેગા કરેલા પ્રોજેક્ટસ અને કંપનીઓ વેચવા નીકળ્યા છે. કારણકે બેંકો પાસે પૈસા જ નથી? લોકશાહિ માં પ્રશ્નો પુછાવવા જોઈએ. કોન્ગ્રેસ પૂછવાની સ્થિતિમાં નથી અને જે પૂછે છે તેને પાકિસ્તાની કે ચાઈનીઝ એજન્ટ કે દેશ દ્રોહી કરી મિડિયા તૂટી પડેછે. અમેરિકા અને ઈંગ્લેંડ જેવા દેશોમાં સરકાર ની સામે પોતાના જ પક્ષના સભ્ય આકાર પ્રશ્નો પૂછે છે અને જવાબ માંગે છે. પરંતુ ભારતમાં કોઈ પૂછવા તૈયાર નથી કારણકે તેમને તુર્તજ ટેક્સ વાળા કે CBI ના મિત્રો તેમને ઘરે ચાય પીવા પોહચી જાય છે.

બુદ્ધદેવ પંડ્યા.લેસ્ટર.લંડન(MBE)

વાદળુ બનીને તું આવે,
છતાં વરસે નહીં,
એમ કેમ ચાલે ?
કે રોજે રોજ પ્રગટે ને,
થપ્પો આપીને તું ભાગે
એમ કેમ ચાલે ?
મોકલે તું સંદેશા વાદળ બની
આકાશમાં સ્થાપે સામ્રાજ્ય
સમજુ એમ કે તું ગરજીને વરસે
તરસ્યાને આમ તડપાવે ,
એમ કેમ ચાલે ?
ચોમાસામાં ચોમાસું બેસે,
તેવો પહેલે થી છે ક્રમ
એ ક્રમ ને તું વિખરે
એમ કેમ ચાલે ?
–– શાસ્ત્રી કૌશિક ભટ્ટ.રાજકોટ

# પ્રજાની પ્રતિક્રિયા

કોરોનાના આગમનને કારણે આવેલું લોકડાઉન સમસ્ત વિશ્વમાં ૧૪ એપ્રિલ સુધી બંધ.પ્રજાએ સહકાર આપ્યો.મજૂર વર્ગ માટે અનાજની વ્યવસ્થા સરકાર તરફથી થઈ.સેવાભાવી સંસ્થાએ ભોજન પુરું પાડ્યું.આજે લગભગ સાડાચાર મહિનાથી લોકોનાં કામધંધા બંધ.ભાડા પર ગુજરાન ચલાવતા, ખાનગી કંપનીમાં કામ કરનાર મુશીબતમાં.

ગરીબ વર્ગને સરકાર, સેવાભાવી સંસ્થા મદદ કરે. મધ્યમ વર્ગ નું શું? આ કોરોના કાળમાં મધ્યમ વર્ગ પિસાઈ રહ્યો છે. બચત વપરાય ગઈ.બી.પી.એલ.કાર્ડ ન હોવાથી મફત સરકારી અનાજ મળતું નથી.ભૂખે મરવાનો વારો આવ્યો છે.

વિધાર્થીઓ માટે online ભણવાનું તૂત કાઢ્યું. કે.જી નાં બાળકો ને ભણાવવા માવતર હેરાન થાય. આજ સુધી મોબાઈલ પ્રતિબંધિત હતો. હવે આ નાનાં બાળકો ને મોબાઈલ વડે શિક્ષણ શા માટે? બે મહિના શાળા બંધ રહે.મોડી ચાલુ કરે તો શું થાય? પરંતુ શિક્ષણ જ્યાં વેપાર બન્યું હોય ત્યાં ફી સમેટવાની ચિંતા.ફી જતી ન કરવી પડે એટલે online શિક્ષણ ચાલુ ને સરકાર ચૂપ.કોરોનાની અસર શિક્ષણ નાં ધમધમતા વેપાર પર ન પડવી જોઈએ.ભલે મોબાઈલ પર ભણવાથી બાળકો ની આંખ બગડે . સાંભળ્યું છે કે કોરોના પેશન્ટ ને સારવાર આપનાર હોસ્પિટલને સરકાર તરફથી પેશન્ટ દીઠ અમુક રકમ આપવામાં આવે છે એટલે કોરોના ન હોય તો પણ સામાન્ય તાવ,શરદી વાળાને કોરોના પેશન્ટ તરીકે દાખલ કરે.કમાઈ લેવાની વાત. માસ્ક વગરના ને આકરો દંડ. એના કરતાં સ્થળ પર માસ્ક વગર નીકળે તેને માસ્ક આપો. સેવાભાવી સંસ્થા એને માટે ના તો નહીં જ પાડે.

કોરોના કાળમાં પ્રજા ત્રાહિમામ પોકારે ને નેતા ?(વિભૂતિ દેસાઈ.બીલીમોરા)

### દાહોદમાં કોરોનાથી પ્રભાવિત વિસ્તારોમાં થતું સઘન આરોગ્ય સર્વેક્ષણ

# દાહોદમાં કોરોનાને નિયંત્રિત કરવા જિલ્લા વહીવટી તંત્ર કોમ્યુનિટી પાર્ટીસિપેશન વધારવા પ્રયાસો

અભેસિંહ રાવલ દાહોદ

દાહોદમાં કોરોના વાયરસના સંક્રમણને નિયંત્રિત કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા નવો એક્શન પ્લાન અમલમાં મૂકવામાં આવ્યો છે. દાહોદ નગર ઉપરાંત તાલુકામાં કોરોના વાયરસથી પ્રભાવિત વિસ્તારોમાં સઘન આરોગ્યલક્ષી સર્વેલન્સ ઉપરાંત સામુહિક ભાગીદારી વધારવામાં આવી રહી છે. સામુહિક આરોગ્ય કેન્દ્રો તથા ધન્વંતરિ રથો દ્વારા આરોગ્ય ચકાસણી વધુમાં વધુ થાય એ બાબત ઉપર ભાર વધારવામાં આવી રહ્યો છે. અનલોક-૨ બાદના છેલ્લા એક પખવાડિયામાં દાહોદમાં કોરોના વાયરસના કેસોમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. એપ્રિલ માસના શરૂઆતમાં એટલે કે અંગ્રેજી વર્ષના ૧૫માં અઠવાડિયામાં એક કેસ હતો. તે બાદ આવેલા લોકડાઉનમાં પણ કેસોની સંખ્યા એકદમ જૂજ હતી.



જેમ કે, વર્ષના ૧૬માં વીકમાં ૨, ૧૭માં વીકમાં ૧, ૧૮માં વીકમાં ૨ અને ૧૯માં વીકમાં ૧૨ થઇ હતી. આ ફિગર કેસોમાં ૬ ગણો વધારો દર્શાવે છે. પણ, કેસોની સંખ્યા પણ ઓછી છે. હાલમાં અંગ્રેજી વર્ષનું ૨૯મું સપ્તાહ ચાલે છે. ત્યારે કેસોની સંખ્યા અત્યાર સુધીમાં ૭૫ થઇ છે. તેના પહેલાના ૨૮માં સપ્તાહમાં આ ૬૭ કેસો નોંધાયા હતા. એનો મતલબ એ થયો કે, માત્ર એક જ પખવાડિયામાં કેસોની સંખ્યા ૧૪૨ થઇ ગઇ છે.

કોરોના વાયરસના ટેસ્ટિંગનું પ્રમાણ દાહોદમાં પ્રતિ દસ લાખે ૩૭૩૧ છે. તેની સામે કેસો પોઝિટિવ આવવાનું પ્રમાણ ૨ ટકા જેટલું છે. જ્યારે, દર્દીઓના સાજા થવાનું પ્રમાણ ૩૮ ટકા જેટલું છે.

દાહોદ નગરમાં સૌથી વધુ કેસો નોંધાયા છે. તેમાંય ખાસ કરીને શહેરના ઘાંચીવાડ, ડબગરવાડ કોરોના વાયરસથી વધુ પ્રમાણમાં પ્રભાવિત થયો છે. ચાલુ માસમાં ઘાંચીવાડમાં અત્યાર સુધીમાં ૧૯ અને ડબગરવાડમાં ૧૧ કેસો નોંધાયા છે. ગત્ત તારીખ ૧૪ની સ્થિતિએ જોઇએ તો દાહોદ જિલ્લામાં સૌથી વધુ ૩૦થી ૪૪ વર્ષની ઉંમરના ૪૧ પુરુષ અને ૧૨ મહિલા સંક્રમિત થયા છે. તે બાદ ૪૫થી ૫૯ વર્ષના ૨૭ પુરુષ અને ૧૯ મહિલા સંક્રમિત થઇ છે. ૬૦ વર્ષથી વધુની ઉંમર હોય એવા ૧૮ લોકોને કોરોના વાયરસનો ચેપ લાગ્યો છે. દાહોદમાં કોરોનાનો મૃત્યદર ૧૦ ટકા, ડિસ્ચાર્જ દર ૩૮.૨૪ ટકા છે.

કલેક્ટર શ્રી વિજય ખરાડી એક મહત્વપૂર્ણ વાત કરતા જણાવે છે કે, દાહોદમાં જેટલા મૃત્યુ થયા છે, એમાં એક બાબત એવી ધ્યાને આવી છે કે, દર્દીઓ છેલ્લી ઘડીએ દવાખાનામાં દાખલ થાય છે. દાહોદથી કેટલાક દર્દીઓ પોતાના રૂટિન ચેકઅપ માટે વડોદરા જાય છે. ત્યાં ટેસ્ટ કરાવ્યા બાદ પોઝિટિવ આવે છે. આ ઉપરાંત દર્દીઓ પોતાના આરોગ્યને લગતી હકીકતો છૂપાવે છે. તેથી અમે ડબગરવાડ તથા ઘાંચીવાડમાં કાર્યરત હોય એવા પાંચ તથા વડોદરાના બે તબીબોને પોતાને ત્યાં થતી ઓપીડીની વિગતો આરોગ્ય તંત્રને નિયમિત રીતે આપવા સૂચના આપી છે. આવી જ અપીલ જિલ્લાના તબીબોને પણ કરવામાં આવી છે. જેથી કોરોનાના શંકાસ્પદ દર્દીઓની માહિતી પ્રાથમિક તબક્કે જ મળી જાય. કોરોનાથી પ્રભાવિત વિસ્તારોમાં સઘન હેલ્થ સ્ક્રિનિંગ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરથી ઉંમરના અને કોમોરબીડ હોય એવા નાગરિકોના આરોગ્યની સતત તપાસણી કરવામાં આવી રહી છે. નાગરિકોને પણ વિનંતી છે કે, શરદી, ખાંસી કે તાવ હોય એવા સંજોગોમાં તુરંત જ નજીકના સરકારી દવાખાને પોતાના આરોગ્યની તપાસણી કરાવે.

દાહોદ જિલ્લામાં ૧૪ મોબાઇલ મેડિકલ વાન એટલે કે, ધન્વંતરિ રથ ફરી રહ્યા છે. આ રથો દ્વારા અત્યાર સુધીમાં ૯૭ સ્થળોએ કેમ્પ કરવામાં આવ્યા છે. જેમાં ૧૯૦૦ જેટલા દર્દીઓની તપાસ કરવામાં આવી છે. તે પૈકી ૧૦ કેસોને હેલ્થ સેન્ટરમાં રિફર કરવામાં આવ્યા છે. એ જ રીતે જિલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારતા અમૃતપેય ઉકાળા તથા હોમિયોપેથિક દવામાં ૨૨ લાખ લોકોને આવરી લેવામાં આવ્યા છે.

કોમ્યુનિટી પાર્ટીસિપેશન વધારવા માટે કલેક્ટર શ્રી વિજય ખરાડી તથા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. ડી. પહાડિયા દ્વારા કોરોનાથી સંક્રમિત વિસ્તારોમાં રહેતા આગેવાનો સાથે આઠ જેટલી મુલાકાત-બેઠકો કરવામાં આવી છે. જે તે વિસ્તારોમાં રહેતા નાગરિકોને જો તાવ, શરદી કે ખાંસી હોય તો તુરંત જ નજીકના સરકારી દવાખાને ઈલાજ કરાવવામાં આવે તેની તકેદારી રાખવામાં આવે તે બાબતે આગેવાનોને સમજુત કરવામાં આવ્યા છે. હવે નાગરિકોએ પણ એ બાબત સ્પષ્ટપણે સમજી લેવાની જરૂર છે કે, કોરોના સામેની જંગ સ્વયંશિસ્ત અને અનુશાસન વિના જીતી શકાય એમ નથી. કામ વીના ઘરની બહાર નીકળવાની કોઇ જ જરૂર નથી. માસ્ક પહેર્યા વીના હવે કોઇ છૂટકો નથી. વ્યક્તિગત આરોગ્યની ખૂબ જ સંભાળ રાખવાનો સમય છે.

### સુરતમાં યુદ્ધના ધોરણે માત્ર ૧૫ દિવસમાં ઊભી થયેલી

# ૧૦૦૦ બેડની ક્ષમતા વાળી કોરોના-કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલનો ગાંધીનગરથી ઈ લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી-નાયબ મુખ્યમંત્રીશ્રી

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સુરતમાં નવી સિવીલ હોસ્પિટલ કેમ્પસમાં નિર્માણાધિન સ્ટેમસેલ હોસ્પિટલમાં તાત્કાલિક અસરથી યુદ્ધના ધોરણે ઊભી કરવામાં આવેલી ૧૦૦૦ બેડની કોવિડ-૧૯ ડેડીકેટેડ હોસ્પિટલનું ઈ લોકાર્પણ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલની ઉપસ્થિતીમાં ગાંધીનગરથી કર્યુ હતું.

આ કોવિડ હોસ્પિટલમાં ૨૧૧ ૐ બેડ સાથે ૧૦૦૦ પથારીની સુવિધાઓ કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર માટે ઉપલબ્ધ કરાવવામાં આવશે.

મુખ્યમંત્રીશ્રીએ તા. ૪ જુલાઇએ સુરતની કોરોના સ્થિતીની સમીક્ષા માટે લીધેલી મૂલાકાત વેળાએ તેમણે આ હોસ્પિટલ ઊભી કરવા આપેલી સૂચનાઓનો ખૂબ જ ટૂંકાગાળામાં ત્વરિત અમલ કરીને સુરત જિલ્લા તંત્ર અને આરોગ્ય વિભાગે સ્ટેમલેસ હોસ્પિટલ ખાતે આ કોવિડ ડેડીકેટેડ હોસ્પિટલ તૈયાર કરી છે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ માત્ર ૧૫ જ દિવસમાં આ ઝડપી અને અસરકારક કામગીરી માટે આરોગ્ય તંત્ર અને જિલ્લા વહિવટીતંત્રને અભિનંદન પાઠવ્યા હતા. આરોગ્ય રાજ્યમંત્રી શ્રી કિશોર કાનાણીએ સુરત ખાતે આ હોસ્પિટલની તકતીનું પ્રત્યક્ષ અનાવરણ કરીને તેને ખૂલ્લી મૂકી હતી. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વવ્યાપી મહામારી કોવિડના સંક્રમણને ગુજરાતમાં રાજ્ય સરકારના આરોગ્યલક્ષી આયોજનબદ્ધ પગલાંઓથી વ્યાપક પ્રમાણમાં ફેલાતો અટકાવી શકાયો છે તેમ સ્પષ્ટપણે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે, રાજ્યમાં કોરોના સંક્રમિત દર્દીઓની સારવાર-સુશ્રુષા માટે કયાંય કોઇ બેડ નથી તેવી ફરિયાદ નથી આવતી અને હાલમાં ૧૯ હજારથી વધુ પથારીની હોસ્પિટલો વેન્ટીલેટર્સ અને દવાઓ સહિતની સુવિધાઓ પર્યાપ્ત મળી રહી છે.

મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં સરકારી હોસ્પિટલમાં ૧૫૦૦, ખાનગી હોસ્પિટલમાં ૮૦૦ બેડ્સ ઉપલબ્ધ હતા જેમાં આજે ૧૦૦૦ બેડ્સનો ઉમેરો કરવામાં આવ્યો છે. આમ કુલ ૩૩૦૦થી વધુ બેડ્સ સુરતમાં ઊભા કરવામાં આવ્યા છે તેમ તેમણે જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં વધી રહેલા કોરોના સંક્રમણની રાજ્ય સરકારે વિશેષ ચિંતા કરીને માઇક્રોપ્લાનીંગ સાથે સઘન સર્વેલન્સ, ધન્વન્તરી રથ દ્વારા સારવાર જેવા વ્યાપક આરોગ્યલક્ષી પગલાં ભર્યા છે તેમ પણ સ્પષ્ટપણે જણાવ્યું હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ કોરોના સંક્રમણ સામે કોરોના સંક્રમણ સાથે સતર્કતાપૂર્વક પ્રવૃત્તિઓ શરૂ કરવા સાથે સંક્રમિતોની સંપૂર્ણ સારવારના અભિગમથી આપત્તિને અવસરમાં પલટવાની ગુજરાતની ખૂમારી ઊજાગર થઇ છે તેમ પણ ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે કોરોના બાદ પણ આ હોસ્પિટલનો લાભ અન્ય રોગના દર્દીઓને મળે તેવી સુવિધાસભર આ હોસ્પિટલ બનાવવામાં આવી છે.

માત્ર બેડ-ખાટલા પાથરી દેવા એવા થાગડ-થીગડ ઉપાય એટલું નહિ પરંતુ સુરતમાં આધુનિક સારવાર સુવિધા કોરોના સંક્રમિતોને તાત્કાલિક મળી રહે તેવી વ્યવસ્થા રાજ્ય સરકારે સુનિશ્ચિત કરી છે તેમ તેમણે દ્રઢતાપૂર્વક જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કોરોના સંક્રમણ અટકાવવા સારી આદતો કેળવીને, જનજાગૃતિથી સૌ કોરોનાને હટાવશે અને હારશે કોરોના જિતશે ગુજરાતની ખૂમારી સાકાર થશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે માત્ર ૧૫ જ દિવસમાં તમામ અદ્યતન સગવડતા-સાધનો સાથેની ૧ હજાર બેડની કોવિડ હોસ્પિટલ ઊભી કરવાની આ સિદ્ધીને ગુજરાતના આરોગ્ય ક્ષેત્રના ઈતિહાસની સ્વર્ણિમ પૃષ્ઠ રૂપી ઘટના ગણાવી હતી.

તેમણે રાજયના ઔદ્યોગિક અગ્રણી એવા આ સુરત મહાનગરમાં કોરોના સંક્રમણ નિયંત્રણની રાજ્ય સરકારે વિશેષ ચિંતા કરી છે તેની પણ છણાવટ કરી હતી. નાયબ મુખ્યમંત્રીશ્રીએ સુરતમાં સ્પેશ્યલ કોવિડ કેર સેન્ટર ઊભા કરવાના સૂચનને આવકારીને કોરોના સંક્રમણ સામે સુરતમાં શ્રેષ્ઠત્તમ સારવાર સુવિધા આપવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે તેમ ઉમેર્યુ હતું. આ વેળાએ સાંસદશ્રી સી.આર.પાટિલ, દર્શનાબહેન જરદૌશ, ધારાસભ્યો શ્રીમતી સંગીતાબહેન, ઝંખનાબહેન, હર્ષ સંઘવી, મેયર ડૉ. જગદિશ પટેલ સુરત માટે ખાસ નિમાયેલા વરિષ્ઠ અધિકારી શ્રી એમ. એસ. પટેલ, મ્યુનિસિપલ કમિશનર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

સી.એમ-પીઆરઓ/અરૂણ

### સૌરાષ્ટ્ર યુનિ.ફરી વિવાદોમાં

# વિદ્યાર્થીનીએ પ્રોફેસર વિરુદ્ધ શારિરીક-માનસિક ત્રાસની ફરિયાદ નોંધાવી



રાજકોટ,તા.૧૭

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વધુ એક વિદ્યાર્થીનીએ અધ્યાપકો સામે શારીરિક અને માનસિક ત્રાસ આપવાની ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી જાણે લંપટ પ્રોફેસરોનો અખાડો બની ગઇ હોય તેમ લાગે છે. છેલ્લા બેથી ત્રણ વર્ષમાં અધ્યાપકોની લંપટગીરી સામે માથું ઊંચકનાર ચાર વિદ્યાર્થિનીની કારકિર્દી પર પૂર્ણ વિરામ મુકાઈ ગયો છે. ઉપલેટાની એમ.પી.એડની વિદ્યાર્થિનીએ ડો. વિક્રમ વંકાણી અને ભગીરથસિંહ રાઠોડ સામે કુલપતિને ઇ-મેઇલથી ફરિયાદ કરી છે.જેમાં જણાવ્યું છે કે, વર્ષ ૨૦૧૮-૨૦૧૯માં તે એમ.પી.એડમાં અભ્યાસ કરતી હતી ત્યારે ડો. વંકાણી અને પ્રો. રાઠોડે તેને વારંવાર શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો. અગાઉ યુનિવર્સિટીના પ્રોફેસર હરેશ ઝાલાને વિદ્યાર્થિની પાસે શરીરસુખની માંગણી પ્રકરણમાં સસ્પેન્ડ કરાયા છે. તેમજ અર્થશાસ્ત્ર ભવનના પ્રો. રાકેશ જોશીએ વિદ્યાર્થિનીને ચુંબન ચોડી દેતા તેમને પણ સસ્પેન્ડ કરાયા હતા.

આ ઉપરાંત પીએચ.ડીની વિદ્યાર્થિનીની જાતિય સતામણીના કેસમાં બાયો સાયન્સ ભવનના પ્રો. નિલેષ પંચાલ ડિસમિસ થયા હતા. ચાર પ્રોફેસર સામે તપાસ ચાલી રહી છે. જ્યારે પ્રો. વંકાણી અને પ્રો. રાઠોડને પણ પંદર દિવસ કેમ્પસમાં આવવાની મનાઈ કુલપતિએ ફરમાવી છે.

# પાલ્લા હાઈસ્કૂલમાં શૈક્ષણિક અને વહીવટી બેઠકમાં હોમલર્નિંગ અંતર્ગત માર્ગદર્શન અપાયું



મોટી ઈસરોલ,તા.૧૭

આજરોજ પાલ્લા qdcની સ્કૂલોના આચાર્યશ્રીઓની શૈક્ષણિક અને વહીવટી મીટીંગ જિલ્લાશિક્ષણાધિકારીશ્રી ની કચેરી, અરવલ્લી - મોડાસાના માર્ગદર્શનથી કચેરીના A.E.I. શ્રી સંદીપભાઈ પટેલ સા.ની રાહબરી માં શેઠ શ્રી. આર. એચ.પટેલ. વિધાલય પાલ્લા ખાતે યોજાઈ.જેમાં પરિણામ ગુણવત્તા સુધારણા, SSAડેટા એન્ટ્રી, હોમલર્નિંગ અંતર્ગત વાલીમુલાકાત , સર્વિસબુક વ્યવસ્થાપન જેવા મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી. પાલ્લા આચાર્યશ્રી જી. એસ.પ્રજાપતિ દ્વારા પણ અગત્યની વહીવટી બાબતોનું માર્ગદર્શન આપવામાં આવ્યું.અને સચોટ માહિતી આપવા બદલ કચેરીનો વિશેષ આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

### રાજ્યના પ્રાથમિક શિક્ષકોને સ્પર્શતા ઉચ્ચતર પગાર ધોરણ સંદર્ભે મુખ્યમંત્રીશ્રીના

# સમસ્યાના સમાધાન હેતુસર હકારાત્મક અભિગમ માટે અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યા

ભાજપા પ્રદેશ પ્રવકતા શ્રી ભરત પંડ્યાએ રાજ્યના પ્રાથમિક શિક્ષકોના સંદર્ભમાં ૨૫ જુન ૨૦૧૯ના પરિપત્રનો અમલ સ્થગિત રાખવાના રાજ્ય સરકારના નિર્ણયને આવકારી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી,નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તેમજ શિક્ષણ મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને શ્રી વિભાવરીબેન દવે ને આભાર સહ અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી પંડ્યાએ રાજ્ય સરકારના આ નિર્ણયને આવકારતા જણાવ્યું હતું કે રાજ્યના સમગ્ર શિક્ષક આલમને સ્પર્શતા ઉચ્ચતર પગાર ધોરણ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા શિક્ષકોના વિશાળ હિતમાં લેવાયેલ આ સંવેદનાસભર નિર્ણય, સરકારની હકારાત્મક નીતિ અને નાગરિકોની સમસ્યાઓના નિરાકરણ માટેની તત્પરતાની પ્રતીતિ કરાવે છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે રાજ્યની ભાજપા સરકારે હંમેશા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વડપણ હેઠળ નાગરિકોની સુખાકારી અને કલ્યાણકારી નીતિને જ પ્રાધાન્ય આપ્યું છે સાથે-સાથે મુખ્યમંત્રીશ્રીએ લોકલાગણી અને લોકમાંગણીને પ્રાથમિકતા આપી સંવેદના સાથે સતત મજબૂત નિર્ણયો લીધા છે. જેના લીધે તમામ બાબતોમાં વિવાદ નહીં પરંતુ સંવાદનો હકારાત્મક અભિગમ સરકારે અપનાવ્યો છે. શ્રી પંડ્યા ઉમેર્યું હતું કે રાજયની ભાજપ સરકાર દ્વારા તમામ સંવર્ગના કર્મચારીઓ હિત જળવાય તેની ખેવના હંમેશા કરી જ અને કર્મચારીઓના તમામ પ્રશ્નો નું સુખદ અને કર્મચારીઓના હિતમાં નિરાકરણ આવે તે માટે હંમેશા તત્પરતા દાખવી છે. રાજયના ૬૫ હજારથી વધુ પ્રાથમિક શિક્ષકોને સ્પર્શતા આ પ્રશ્નના ઉકેલ માટે મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને શિક્ષણ મંત્રીશ્રીઓએ દાખવેલ તત્પરતા અને લીધેલ લાગણીસભર નિર્ણય ભાજપા સરકાર અને સંગઠનના પ્રજાલક્ષી અભિગમ તેમજ ‘ સતા એ સેવાનું માધ્યમ ‘ ના વિચારોનું પ્રતિબિંબ છે. રાજ્યના શિક્ષક સમુદાયને આ મૂદે વ્યકિતગત કે સામૂહિક દ્રષ્ટિથી શિક્ષકને કોઇપણ સંવર્ગમાં આર્થિક નુકશાન ન થાય તેનું ધ્યાન રાખવા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકાર સંકલ્પબદ્ધ છે. અંતમાં શ્રી પંડ્યાએ રાજ્યના પ્રાથમિક શિક્ષક સંઘો અને સમગ્ર શિક્ષક આલમે રાજ્ય સરકારમાં વ્યક્ત કરેલ વિશ્વાસ માટે આભાર અને તેઓની સમસ્યા થયેલ સમાધાન માટે અભિનંદન પાઠવ્યા હતા.

# માણાવદરના અસ્લમ ડેમમાં નાહવા પડેલા યુવાનનું ડૂબી જતા મૃત્યુ

માણાવદર ના વાદીવાસ વિસ્તારમાં આવેલ અસ્લમ ડેમમાં ગઈકાલે તે વિસ્તાર નો યુવાન એભલ મનસુખભાઇ સોલંકી (ઉ.વ.૩૦) ડેમમાં નાહવા પડેલ તે દરમિયાન ઉંડા પાણીમાં ડૂબી જતા ગઈકાલે માણાવદર ડિઝાસ્ટર ટીમના તરવૈયા ઓ જાહિદભાઇ ઠેબા, કુલદિપસિંહ જાડેજા, જેન્તીભાઇ પરમાર, નરેશભાઈ રાઠોડ , કમલેશભાઇ સારીખડા, રાજુભાઈ પરમાર વિગેરે એ ગઈકાલે સાંજે સુધી શોધખોળ કરી હતી પરંતુ ડેડ બોડી મળેલ નહી આજે સવારે રેસ્ક્યુ કરતા ડેડ બોડી ડેમ માંથી મળેલ હતી જેને પી.એમ. માટે માણાવદર સરકારી હોસ્પિટલમાં મોકલી આપેલ છે આ મરણ જનાર પરણીત છે ને મજૂરીકામ કરી જીવન નિર્વાહ ચલાવાતો હતો તેને બે પુત્રો છે તથા પત્ની હાલ પ્રગ્નેટ છે


અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર



પત્રકાર એકતા સંઘ ના પાયાના પત્થર સમાન ઈલેક્ટ્રોનિક મીડિયા ચેનલ ભાવનગર મા આગવું વ્યક્તિત્વ ધરાવનાર સાથી પત્રકાર મિત્ર સલીમભાઈ બાવાણ ની એકાએક વિદાય.....પત્રકાર એકતા સંગઠન માં શોક છવાઈ ગયો.હૃદયપૂર્વક શ્રધ્ધાંજલી

# સિધ્ધપુર ના મુડાણા ગામમાં મંદિર જવાના રસ્તે દબાણ કરી અસામાજિક તત્વો દ્વારા વાવેલા ફુલ છોડને ઉખાડી નખાયા

સિધ્ધપુર તાલુકાના મુડાણા ગામે બ્રહ્માણી માતાનું મંદિર મુડાણા ખાતે રહેતા સમસ્ત પ્રજાપતિ સમાજનું છે મંદિરના પૂજારી બાબુભાઈ મોહનભાઈ પ્રજાપતિ એ સિદ્ધપુર પોલીસ ને અરજ કરી જણાવ્યું હતું કે સદર મંદિરનો મૂળ રસ્તો જે વર્ષોથી હતો તે રસ્તા ઉપર લઘુમતી કોમના રહેતા લોકોએ દબાણ કરી રસ્તો સાંકડો કરી દીધેલ છે જેથી પ્રજાપતિ સમાજ દ્વારા ગામના સરપંચ ને રજૂઆત કરતા મૌખિક સૂચનાથી અને ગામમાં કોમી એખલાસ જળવાઈ રહે તે માટે નવીન રસ્તો બનાવી આપેલ જે રસ્તાની બંને બાજુએ પ્રજાપતિ સમાજના આગેવાનો દ્વારા



વૃક્ષારોપણ કરી ૪૦ જેટલા વિવિધ ફૂલ ઝાડ વાવી પાંજરા લગાવ્યા હતા એ ગામના લઘુમતી કોમના અસામાજિક તત્વો દ્વારા ફૂલ ઝાડ પાંજરા સહિત ઉખાડી ફેંકી દીધા હોય ગામમાં ગંભીર પરિસ્થિતિ ઉભી થતા સિદ્ધપુર પોલીસ ને યોગ્ય પગલાં લેવા રાવ કરાઈ છે પૂજારી બાબુભાઈના જણાવ્યા પ્રમાણે લઘુમતી કોમના લોકો પ્રસંગે ઢોલ વગાડવા દેતા નથી અને કોઈ ધાર્મિક પ્રસંગ પણ ઉજવવા દેતા નથી પ્રસંગ ના દિવસે અસામાજિક તત્વો દ્વારા પથ્થરમારો કરાય છે તેમજ મંદિર તોડી નાખવાની ધમકીઓ પણ આપવામાં આવે છે પ્રજાપતિ સમાજના લોકો દર્શન કરવા જતા પણ ગભરાય છે જેથી સમાજના આગેવાનો દ્વારા સિધ્ધપુર પોલીસને આ અંગે ઘટતું કરવા અરજ કરી છે



हिन्दी मिलाप

श्री गुजराती समाज, हैदराबाद-सिकंदराबाद के निर्विरोध अध्यक्ष चुने जाने पर तरुण मेहता का अभिनंदन करते हुए चेयरमैन वैकुंठ जानी। साथ में उपाध्यक्ष जितन जानी, सचिव कीरीट व मयूर पुरोहित।

16 July, 2020 Page No. 15
Powered by : erelego.com




શ્રી ગુજરાતી બ્રહ્મ સમાજ હૈદરાબાદ સિકંદરાબાદના બિનફરીફ પસંદગી પામેલ શ્રી તરુણભાઈ જનાર્દન મહેતા સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના ચુડાના વતની છે. અમરેલી જિલ્લાની ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટનો નિવૃત્ત ડે.રજીસ્ટાર છે. છેલ્લા ૧૪ વષ હૈદરાબાદ સ્થાયી થઈ સમાજ સેવા કરી પોતાનું નિવૃત્ત જીવન વિતાવે છે. પુત્ર શ્રી આનંદ મહેતા (સુરજ ઓટો પાર્ટસ) વ્યાપારી છે. શ્રી તરૂણભાઈ મહેતા શ્રી દક્ષિણ ભારત ગુજરાતી બ્રહ્મ સમાજ ના મહામંત્રી છે. શ્રી ગુજરાતી (સમાજ) સેવા મંડળ સિકંદરાબાદ ચૂંટણીમાં વિજેતા થતાં તેમને શ્રી ગુજરાતી સેવા મંડળનાં હોલ, ગેસ્ટ હાઉસ અને નવરાત્રી ચેરમેન તરીકે પસંદકરેલછે. ગાય માતાની સેવા કરતું ×લવ ફોર કાવ ફાઉન્ડેશન× હાલ તેલંગણા અને ભારતના જુદા જુદા રાજ્યોમાં કાર્યરત છે તેના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી જસમતભાઈ પટેલ એ પણ ગૌ સેવા ધ્યાને લઈ ટ્રસ્ટી પદ્ આપેલ છે. તેલંગાણા રાજ્યમાં વ્યસન મુક્તિ, બિનશાકાહારી ને શાકાહારી બનાવવા ની પણ એક ઝુંબેશ ચલાવે છે. આ સિવાય ઘણી સામાજિક સંસ્થાઓ શ્રી હિન્દુ રાષ્ટ્રીય એકતા સમિતિ, વિશ્વ હિન્દુ પરિષદ, પ્રાણી મિત્ર સેવા સંઘ, એબીસી લાફફિંગ ક્લબ વિગેરે સાથે જોડાયેલ છે. આ રીતે પોતાનું નિવૃત્ત જીવન ગૌસેવા અને સમાજસેવામાં વિતાવી રહ્યા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.